# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

## એસેસમેન્ટ એન્ડ ટેક્ષ કલેક્શન ડિપાર્ટમેન્ટ

## ટેક્ષ મધ્યસ્થ કચેરી


જુની મ્યુનિસિપલ બિલ્ડીંગ, ૫ મો માળ,

સરદાર પટેલ ભવન, દાણાપીઠ

અમદાવાદ-૩૮૦ ૦૦૧.


# માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫

અંતર્ગત કલમ ૪ (૧) ખ મુજબ

પ્રો-એકટીવ ડીસ્કલોઝર (સને ૨૦૧૬-૧૭)

**એસેસમેન્ટ એન્ડ ટેક્ષ કલેકશન ડિપાર્ટમેન્ટ (ટેક્ષ મધ્યસ્થ કચેરી)**
**અધિકારીઓના નામ, હોદ્દો અને ટેલીફોન નંબરની યાદી**

| અ.નં. | અધિકારીનું નામ | હોદ્દો | ટીલીફોન નંબર (ઓફિસ) | મોબાઈલ નંબર |
|---|---|---|---|---|
| ૧ | શ્રી કે. એલ. બચાણી | ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર (ટેક્ષ) | ૦૭૯-૨૫૩૯૧૮૧૧/૭૭૪ | ૯૦૯૯૯૯૬૫૮૮ |
| ૨ | શ્રી દેબાશિષ બેનરજી | ઈન્ચાર્જ એસેસર એન્ડ ટેક્ષ કલેક્ટર | ૦૭૯-૨૫૩૯૧૮૧૧/૪૪૧, ૦૭૯-૨૫૩૯૫૦૩૦ | ૯૩૨૭૦૩૮૮૪૫ |
| ૩ | શ્રી લોકેન્દ્રસિંહ રાઠોર | આસી. મેનેજર | ૦૭૯-૨૫૩૨૭૬૭૫ | ૯૩૭૭૪૮૨૩૯૨ |
| ૪ | શ્રી દિલીપભાઇ વસાવા | ઓફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ | ૦૭૯-૨૫૩૯૫૦૪૪ | ૭૬૦૦૯૦૬૫૭૦ |

## ટેક્ષ મધ્યસ્થ કચેરીના કાર્યો :-

- **પ્રોપર્ટી ટેક્ષની વસુલાત માટે** ધી જી.પી.એમ.સી. એકટ, ૧૯૪૯ ના **હયાત નિયમોમાં જરૂરી સુધારા-વધારા કરવા** દરખાસ્તો તૈયાર કરવાની, સક્ષમ સત્તાની મંજુરી મેળવવાની, રાજય સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરને દરખાસ્ત સાદર કરવાની તથા સરકારશ્રી તરફથી મળેલ મંજુરી અન્વયે **ખાતાકીય સરકયુલર બહાર પાડવાની** તેમજ સદર નિતી-નિયમોનો ટેક્ષ-ઝોનલ કચેરીઓ મારફતે અમલ કરાવવાની કામગીરી ટેક્ષ મધ્યસ્થ કચેરી (ટેક્ષ ખાતાની હેડ ઓફિસ) દ્વારા કરવામાં આવે છે.

- **શહેરી નાગરિકો / કરદાતાઓ તરફથી મળતી રજુઆતોને** સક્ષમ સત્તાના ધ્યાન પર લાવી, નિર્ણય મેળવી, જરૂરી દરખાસ્ત તૈયાર કરી રાજય સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરને મોકલવાની કામગીરી.

- મ્યુનિસિપલ સ્ટેન્ડિંગ કમિટી દ્વારા **દર વર્ષે એપ્રિલ-મે માસ દરમ્યાન જાહેર કરાતી ૧૦% એડવાન્સ ટેક્ષ રીબેટ યોજના તથા પ્રોપર્ટી ટેક્ષની સઘન વસુલાત કરવા માટે દર વર્ષે નવેમ્બર થી માર્ચ માસ દરમ્યાન જાહેર કરાતી ઈન્ટેન્સીવ સ્કીમો / રીબેટ યોજનાઓ સંદર્ભે જાહેર ખબરો પ્રસિધ્ધ કરવા** સક્ષમ સત્તા સમક્ષ દરખાસ્ત રજુ કરવાની, જાહેર ખબરો પ્રસિધ્ધ કરવાની તેમજ ઇ-ગર્વનન્સ ડિપાર્ટમેન્ટ સાથે સંકલનમાં રહી ટેક્ષ ખાતાના મોડયુલમાં જરૂરી-વધારા મુકાવવાની કામગીરી.

- ધી ગુજરાત પ્રોવિન્સીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ, ૧૯૪૯ ના પરિશિષ્ટ ‘એ’ ના પ્રકરણ ૮ (કરવેરા નિયમો) ના રૂલ ૯ તથા ૧૩ થી ૧૬ મુજબ મ્યુનિસિપલ હદમાં આવેલ ઇમારતો તથા જમીનોની દર નાણાંકીય વર્ષની શરૂઆતમાં કાર્પેટ એરીયા બેઇઝ પધ્ધતિ મુજબ સામાન્ય કર આકારવા અંગે **નિયત કરાયેલ પરિબળો દર્શાવતી આકારણીની ઇ-બુક** ઇ-ગર્વનન્સ ડિપાર્ટમેન્ટના સંકલનમાં રહી T.C.S. મારફતે તૈયાર કરાવવાની **તથા પ્રોપર્ટી ટેક્ષ સબંધમાં બીલો ઇસ્યુ કરતા પહેલા જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સક્ષમ સત્તાની મંજુરી મેળવવાની તેમજ સક્ષમ સત્તાની મળેલ મંજુરી અનુસાર જાહેર ખબર પ્રસિધ્ધ કરાવવાની કામગીરી.**

➢ સેન્ટ્રલ સ્ટોર્સ ખાતાના સંકલનમાં રહી દર વર્ષે પ્રોપર્ટી ટેક્ષના બીલોની **પ્રિ-પ્રિન્ટેડ સ્ટેશનરી છપાવવાની,** ઇ-ગર્વનન્સ ડિપાર્ટમેન્ટના સંકલનમાં રહી **ટેક્ષ બીલો છપાવવાની** તેમજ ટેક્ષ-ઝોનલ કચેરીઓ મારફતે ટેક્ષ બીલો કરદાતાઓને ઇસ્યુ કરાવવાની કામગીરી.

## ટેક્ષ મધ્યસ્થ કચેરીમાં ફરજ બજાવતા અધિકારીઓ / કર્મચારીઓની વિગતો નીચે મુજબ છે.

| અ.નં | નામ | હોદ્દો | પે બેન્ડ (પગાર-ધોરણ) | ગ્રેડ-પે | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રી દેબાશિષ બેનરજી | ઇન્ચાર્જ એસેસર એન્ડ ટેક્ષ કલેક્ટર | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૬૬૦૦ | |
| ૨. | શ્રી લોકેન્દ્રસિંહ રાઠોર | આસી.મેનેજર | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૬૬૦૦ | |
| ૩. | શ્રી દિલીપભાઇ વસાવા | ઓફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ | ૦૯૩૦૦-૩૪૮૦૦ | ૫૪૦૦ | |
| ૪. | શ્રી હાર્દિક બંસલ | જુની.કલાર્ક | ૦૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | |
| ૫. | શ્રી મૃગેશ ખંભોળજા | જુની.કલાર્ક | ૦૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | |
| ૬. | શ્રી જીવરાજ ફેફર | જુની.કલાર્ક | ૦૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | |
| ૭. | શ્રી પ્રજ્ઞાબેન શાહ | જુની.કલાર્ક | ૦૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | |
| ૮. | શ્રી વર્ષાબેન સકસેના | જુની.કલાર્ક | ૦૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ | એજ્યુ.સેસ |
| ૯. | શ્રી નિશાંત જાની | જુની.કલાર્ક | ૦૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | અન્ય ખાતેથી ફાળવણી |
| ૧૦. | શ્રી મહેન્દ્રસિંહ ચૌહાણ | જુની.કલાર્ક | ૦૫૨૦૦-૨૦૨૦૦ | ૧૯૦૦ | અન્ય ખાતેથી ફાળવણી |

એસેસમેન્ટ એન્ડ ટેક્ષ કલેક્શન ખાતા દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વિસ્તારમાં આવેલ તમામ મિલકતો ઉપર મિલકતવેરો ઉઘરાવવાની કામગીરી કરવામાં આવે છે. મિલકતોમાં રહેઠાણ તથા બિનરહેઠાણ મિલકતોનો સમાવેશ થાય છે, જે ભાડુઆત તાબે કે માલિક તાબે મિલકતો વપરાશમાં હોય છે. આ ખાતા દ્વારા ટેક્ષની વસુલાત માટે દરેક પ્રોપર્ટીનું એસેસમેન્ટ કરવું જરૂરી હોય છે.

**કરદાતાઓ તરફથી આવતી નીચે મુજબની અરજીઓનો નિકાલ ટેકસ ઝોનલ કચેરીઓ દ્વારા કરવામાં આવે છે.**

- મિલકતની માલિકીના નામ ટ્રાન્સફર અને મિલકતના કબજેદારના નામમાં ફેરફાર કરવા.
- જી.પી.એમ.સી. એકટની કલમ ૪૮૫/૧, રૂલ ૨૦ તથા સરકયુલર નં.૧૪ મુજબ વપરાશના પ્રકારના ધોરણે મિલકતની આકારણી ઘટાડવા અંગે
- એક જ મિલકતના બે બિલ આવતા હોય તો વધારાના બિલ રદ કરવા અથવા સમગ્ર મિલકતનું એક બિલ આવતું હોય તો વપરાશના ધોરણે જુદા જુદા બિલ કરવા અંગે
- મિલકત ખાલી/બીનવપરાશ અંગે નોંધ રાખી ખાલી મિલકતનો ટેકસ રીફંડ મેળવવા.
- નવી મિલકતનું એસેસમેન્ટ કે જૂની મિલકતોનો વપરાશ બદલાયો હોય, ભાડાના દરમાં ફેરફાર થયો હોય તો આકારણી રીવાઈઝ કરવા અંગે
- મ્યુનિસિપલ વેલ્યુએશન અપીલના ચુકાદાનો અમલ આપવો.
- ચર્તુવર્ષિય આકારણીના વર્ષે જાહેરનામાની મુદતમાં વાંધા અરજીઓ સ્વીકારી એપેલેટ ઓફિસરો દ્વારા તેનો પુરાવાના આધારે, સ્થળ તપાસ કરી નિકાલ કરવામાં આવે છે.

- **નવી મિલકતોની આકારણી અથવા આકારણી રીવાઈઝ કરવા માટે**

નવી મિલકતોનુ એસેસમેન્ટ કરવા અગર ભાડુઆતના ધોરણે વપરાશ કરવામાં આવતો હોય તેમજ વપરાશમાં ફેરફાર થયેલ હોય તો આકારણી રીવાઈઝ કરાવવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશને નકકી કરેલ ફોર્મમાં અરજી સાથે નીચે મુજબના પુરાવાઓ રજુ કરવાના રહે છે.

(૧) **રહેઠાણ માટેઃ-** મિલકતના માલિકીના પુરાવાની પ્રમાણિત નકલ, જમીન માલિકીનો ૭/૧૨ નો ઉતારો, ઓર્ગેનાઈઝર પાસેથી કબજો મેળવ્યો હોય તો તેની કબજા પહોંચની પ્રમાણિત નકલ, રેશનકાર્ડ, ગેસ કનેકશનના પુરાવા.

(૨) **બીનરહેઠાણ માટેઃ-** ગુમાસ્તાધારાનુ લાઈસન્સ, સેલ્સ ટેકસ (વેટ) રજીસ્ટ્રેશનની પ્રમાણિત નકલ, વીજળીનું બીલ, ટેલિફોનનું બિલ.

- **જમીન દોસ્ત થયેલ મિલકતના ટેકસના બિલો રદ કરાવવા માટે**

જૂની મિલકત જમીનદોસ્ત કયારે થઈ તેના પુરાવા, જુની મિલકત તોડી પાડયા અંગેની અરજી આપેલ હોય તેની પહોંચની ઝેરોક્ષ, નવી મિલકત બાંધવા અંગે પ્લાનની વિગત, બી.યુ.પરમીશન કયારે આપવામાં આવી છે તેની વિગત, નવી મિલકતની આકારણી ટેકસ ખાતા દ્વારા કયા વર્ષથી કરવામાં આવી છે તેની વિગત, રદ કરવાના બિલોની ઝેરોક્ષ નકલ સાથે નિયત ફોર્મમાં અરજી કરવાની રહે છે.

- **સમગ્ર મિલકતના કબજેદારમાં ફેરફાર કરાવવા માટે**

સમગ્ર મિલકતનુ એક બિલ આવતુ હોય તેના બદલે જગાના વપરાશ મુજબ મિલકતના ભાગલા પાડીને તે મુજબ ટેકસના બિલ મેળવવા માટે, અરજી ફોર્મ સાથે બિલની પ્રમાણિત નકલ, ભાડુઆત તાબે મિલકતના ભાડાના પુરાવામાં ભાડા કરારની પ્રમાણિત નકલ રજૂ કરવાની રહે છે.

- **મિલકતના કબજેદારમાં ફેરફાર કરાવવા માટે**

અરજી ફોર્મ સાથે જૂના ભાડુઆત મિલકત ખાલી કરી ગયાનો પુરાવો / કબજો સોંપ્યાનો પત્ર /કબજા કરારની નકલ, નવા ભાડુઆતનો ભાડા કરાર, ભાડુઆત ખાલી કરી ગયા હોય તો તે અંગે અ.મ્યુ.કોર્પો. ને જાણ કર્યા અંગે અગાઉ અરજી કરેલ હોય તો અરજી કાર્ડની નકલ, પ્રોપર્ટી ટેકસના છેલ્લા બિલની નકલ સામેલ રાખી નિયત ફોર્મમાં અરજી કરવાની રહે છે.

- **મિલકત ખાલી / બીનવપરાશ (નોન યુઝ) અંગેની નોંધ રાખવા માટેઃ**

જે તે નાણાંકિય વર્ષમાં અરજી સાથે પ્રોપર્ટી ટેકસના બિલની નકલ રજૂ કરવાથી, જે દિવસે અરજી આપવામાં આવી હશે તે તારીખથી ખાલીનો લાભ મળી શકશે. જે તે નાણાંકિય વર્ષમાં મિલકત ૩૦ દિવસ કરતાં ઓછા સમય માટે ખાલી હશે તો મિલકતવેરાની રકમ મજરે મળી શકશે નહિ. દરેક નાણાંકીય વર્ષમાં મિલકત ખાલી રહેવાની હોય તો અગાઉથી અરજી કરવાની રહે છે. વર્ષના અંતે ખાલીનો લાભ આપવામાં આવે છે.

- **મ્યુનિસિપલ વેલ્યુએશન અપીલના ચુકાદાનો અમલ કરવા માટે**

મ્યુનિસિપલ વેલ્યુએશન અપીલના ચુકાદાની પ્રમાણિત નકલ તથા છેલ્લા બિલની પ્રમાણિત નકલ સાથે નિયત ફોર્મમાં અરજી કરવાની રહે છે.

- **એક જ મિલકતના બે બિલ આવતાં હોય તો વધારાનુ બિલ રદ કરવા બાબત.**

અરજી સાથે ચાલુ બિલ તથા રદ કરવાના બિલની પ્રમાણિત નકલ સામેલ કરી નિયત ફોર્મમાં અરજી કરવાની હોય છે.

- **જી.પી.એમ.સી. એકટની કલમ ૪૮૫/૧, રૂલ-૨૦ તથા સરકયુલર નં.૧૪ મુજબ મિલકતની આકારણી ઘટાડવા માટે**
  **નવી ફોર્મ્યુલા અમલમાં આવ્યા બાદ નીચેનામાંથી કોઈપણ ફેકટરમાં ફેરફાર થાય તો ૪૮૫/૧ મુજબ મ્યુ.કોર્પોરેશનને અરજી કરવાથી ટેકસમાં ફેરફાર કરી આપવામાં આવે છે.**

**(કારપેટ એરીયા)**:કોઈપણ મિલકતમાં કારપેટ એરીયામાં ફેરફાર હોય તો તે અંગે નિયત ફોર્મમાં અરજી કરવાથી સ્થળ તપાસના આધારે ફેરફાર કરી આપવામાં આવશે.

**(ફેકટર-૨) મિલકતના બાંધકામના વર્ષમાં** ફેરફાર હોય તો ટેકસમાં ફેરફાર થાય. અરજદાર બાંધકામ વર્ષના પુરાવા સાથે અરજી આપે તો સ્થળ તપાસ કરી ટેકસ ઘટાડી આપવામાં આવશે .

**(ફેકટર-૩)મિલકતના ઉપયોગ આધારિત** ફેરફાર થાય તો જરૂરી પુરાવા રજુ કરેથી અરજી કરવાથી ટેકસ ઘટાડી આપવામાં આવે છે.

**(ફેકટર-૪) માલિકી સંબંધિત ફેકટર**માં એટલે કે ભાડવાતમાંથી માલિક થતા હોય તો પુરાવા સાથે અરજી કરવાથી તે મુજબ ફેકટરમાં ફેરફાર કરી આપવામાં આવે છે.

- **મિલકતના નામ ટ્રાન્સફર માટે**

અરજી સાથે સિટી સર્વેની પ્રમાણિત નકલ, જો મિલકત રજીસ્ટર્ડ કો.ઓ.હા. સોસાયટીમાં હોય તો પઝેશન લેટર અને શેર ટ્રાન્સફરના ઠરાવની ચેરમેન અથવા સેક્રટરીની સહી સિકકાવાળી પ્રમાણિત નકલ, અથવા રજીસ્ટર્ડ દસ્તાવેજ અથવા ઈન્ડેક્ષની નકલ., અથવા કન્વેયન્સ ડીડની પ્રમાણિત નકલ જેના નામે મિલકત ટ્રાન્સફર કરવાની છે તેઓની અરજી ફોર્મના કોલમ નં.૯ માં મિલકત ખરીદનાર તમામની સહી કરાવી રજૂ કર્યેથી નામ ટ્રાન્સફર કરી આપવામાં આવશે. આ મિલકતનો અરજી કર્યા તારીખ સુધીનો પૂરેપૂરો તમામ ટેકસ ભરી પહોંચની પ્રમાણિત નકલ સાથે નિયત ફોર્મમાં અરજી કરવાની રહે છે.

**ક્રમાંક નં. ૨ થી ૧૦ ના દરેક ફોર્મની કિંમત રૂા.૨-૦૦ રાખવામાં આવેલ છે.**

- **જાહેરનામાના અનુસંધાનમાં સામાન્યકરની આકારણી સામે વાંધા અરજી કરવા માટે**

દર વર્ષે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ટેકસના બિલ ઈસ્યુ કરતા પહેલા જાહેરજનતા પોતાની મિલકતનો ટેકસ કેટલો છે તે જાણી શકે તે માટે ૧૫ દિવસ સુધી એસેસમેન્ટ રજીસ્ટરો જોવા માટેની જાહેરાત બે વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ કરવામાં આવે છે. નાગરિકો વિનામૂલ્યે આવી નોંધ જોઈ શકે છે, તેનો ઉતારો કરી શકે છે અને નોંધ કે ટેકસ સામે કોઈ વાંધો હોય તો પુરાવા સાથે નિયત ફોર્મમાં નિયત સમયમર્યાદામાં અરજી કરી શકે છે. વાંધા અરજીના નિકાલ માટે એપેલેટ ઓફિસર ઉપરોકત અરજીની સુનાવણી કરી નિકાલ કરશે. એપેલેટ ઓફિસરના હુકમથી સંતોષ ન હોય તો આવો હુકમ મળ્યાના ૧૫ દિવસની અંદર સ્મોલ કોઝ કોર્ટમાં ફરિયાદ દાખલ કરી શકાય છે. બિલ સામે ફરિયાદ કરી શકાતી નથી.

- **ખાસ નોટિસ સામેની વાંધા અરજી અંગે**

હયાત મિલકતમાં કોઈ વધારાના બાંધકામના સમયે કે મિલકતનો વપરાશ માલિક તાબેથી ભાડુઆત તાબે થાય કે રહેઠાણમાંથી બીનરહેઠાણમાં વપરાશ બદલાવવાના કારણે હયાત ટેકસ વધારવાના સમયે કારણોની વિગત સાથે મિલકત ધારકને ખાસ નોટીસ આપવામાં આવે છે. સદરહુ નોટિસ મળ્યાના ૧૫ દિવસમાં વાંધાના કારણો-પૂરાવા સાથે વાંધા અરજી કરી શકાય છે. જાહેરનામાના સંદર્ભમાં કરવામાં આવેલ વાંધા અરજીના નિકાલની જેમ જ એપેલેટ ઓફિસર દ્વારા આવી વાંધા અરજીનો નિકાલ કરવામાં આવે છે.

- **મિલકત વપરાશ / પુનઃ વપરાશ સમયે કરવાની ફરજીયાત જાણઃ**

કોઈપણ નવી મિલકત કે જૂની બંધ મિલકતનો પુનઃ વપરાશ શરૂ કર્યાના ૧૫ દિવસમાં મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જી.પી.એમ.સી. એકટના પરિશિષ્ટ એ ના પ્રકરણ-૮ ના રૂલ ૫ હેઠળ જાણ કરવી ફરજીયાત છે. નિયત કરવામાં આવેલ રીકવીઝીશન ફોર્મ મ્યુનિસિપલ કોર્પોરેશનની ઝોનલ કચેરીઓના ટેકસ વિભાગમાંથી વિના મૂલ્યે મળી શકશે.

સમયમર્યાદામાં મિલકતના વપરાશ કે મિલકતમાં થયેલ વધારાના બાંધકામ, બદલાયેલ ઉપયોગના પ્રકાર કે ભાડુઆત અંગે જાણ કરવામાં ન આવે તો આવી મિલકતોનો ટેકસ, ટેકસ ખાતા દ્વારા પુરાવાના અભાવે કરવામાં આવે છે અને જી.પી.એમ.સી. એકટ પરિશિષ્ટ-એ ના પ્રકરણ ૮ ના રૂલ ૮(૩) ની જોગવાઈ મુજબ આવા ટેકસ સામે વાંધો લેવાને મિલકતના માલિક અથવા ભોગવટો કરનારને પ્રતિબંધ નડશે.

- **અરજી નિકાલની સમય મર્યાદા**

તમામ પૂરાવાઓ અરજી સાથે આપેલા હોય અને નવી ગણતરી મુજબ પૂરેપૂરો ટેક્સ ભરપાઈ કરવામાં આવેલ હોય તો અરજીનો નીચે જણાવેલ સમય મર્યાદામાં નિકાલ કરવામાં આવશે.

| અનુ. નંબર | **અરજીનો પ્રકાર** | **અરજીના નિકાલની સમય મર્યાદા** |
|---|---|---|
| ૧ | નવી મિલકતોનું એસેસમેન્ટ કરવા અગર તો જૂની મિલકત ભાડુઆત પાસેથી કરવામાં આવેલ ભાડાના વધારાને લઈ તેમજ વપરાશ ફેરફાર થયેલ હોઈ આકારણી રીવાઈઝ કરવા | ૯ દિવસ / ૧ માસ |
| ૨ | મિલકતના નામ ટ્રાન્સફર માટે | ૩૦ દિવસ |
| ૩ | મિલકતવેરાની નવી આકારણી બાબત. વાંધાના નિકાલ બાબત. | ૩૦ દિવસ |
| ૪ | બી.પી.એમ.સી. એક્ટની કલમ ૪૮૫/૧,રૂલ ૨૦ તથા સરક્યુલર નં. ૧૪ મુજબ મિલકતની આકારણી ઘટાડવા બાબત | ૧ માસ |
| ૫ | મિલકતના કબ્જેદારમાં ફેરફાર કરવા બાબત | ૧૫ દિવસ |
| ૬ | મિલકતના ઉપયોગના પ્રકારમાં ફેરફાર | ૧૫ દિવસ |
| ૭ | જમીનદોસ્ત થયેલ મિલકતના ટૅક્સના બિલો રદ કરવા | ૧ માસ |
| ૮ | સમગ્ર મિલકતનું એક બિલ આવે છે તેના બદલે જગાના વપરાશ મુજબ આકારણીના ભાગલા પાડીને તે મુજબ ટેક્સ બિલ આપવા બાબત | ૧ માસ |
| ૯ | એક જ મિલકતના બે બિલ આવતા હોય તો વધારાનું બિલ રદ કરવા | ૧ માસ |
| ૧૦ | અન્ય-સામાન્ય અરજીઓ | ૧૫ દિવસ |
| ૧૧ | મિલકત ખાલી / નોન યુઝ અંગે | ૧ એપ્રિલ થી ૩૦ એપ્રિલ દરમ્યાન |
| ૧૨ | મ્યુ. વેલ્યુએશન અપીલના ચુકાદાનો અમલ લેવા અંગે | ૧૫ દિવસ |

ઉપરોકત પ્રકારની અરજીઓના નિકાલ માટેની લઘુત્તમ સમય મર્યાદા ખાતા દ્વારા નિયત કરવામાં આવેલ છે. જો ઉપરોકત સમય મર્યાદામાં અરજીનો નિકાલ ન થાય તો સંબંધિત ઝોનનાં ડેપ્યુટી એસેસર ઍન્ડ ટૅક્સ કલેકટરનો રૂબરૂ સંપર્ક કામકાજના દિવસોએ ૩- ૦૦ થી ૫- ૦૦ માં કરવો.

બિલમાં નામ/ સરનામાં (સ્પેલીંગ) અંગેની ભૂલ માટે પૂરાવા સાથે સાદા કાગળ ઉપર અરજી કરવાથી તે અંગેનો નિકાલ કરવામાં આવશે.

આવી અરજીઓ કરવા જાહેર જનતાની અનુકુળતા માટે ખુબ જ નજીવી કિંમતે છાપેલા ફોર્મ દફતર વિભાગ તથા દરેક ઝોન તથા દરેક સીવીક સેન્ટર ઉપરથી નાગરિકોને ઓફિસ સમયે વેચાણ આપવામાં આવે છે તેમજ ભરેલ ફોર્મ કોઈપણ ઝોનની અરજી આપી શકાય તેવું આયોજન કરવામાં આવેલ છે.

બિલ મળ્યાના ૧૫ દિવસમાં જો બિલ ભરવામાં ન આવે તો ટેક્સ બીલમાં જણાવેલ રકમ તેમજ પાછલા વર્ષની બાકી રકમ નિયમ મુજબ કાયદાકીય જરૂરી પગલાં લઈ દંડ સાથે વસુલ કરવામાં આવે છે.

## ટેક્ષ મધ્યસ્થ કચેરીના જાહેર માહિતી અધિકારીઓના નામ અને હોદ્દાઃ

- **ટેક્ષ મધ્યસ્થ કચેરીની વહીવટી બાબતો માટે**

| | | **નામ / હોદ્દો** | **ઓફિસનું સરનામુ** | **ઓફિસ / મોબાઈલ નંબર** | **ઈ-મેઈલ એડ્રેસ** |
|---|---|---|---|---|---|
| ૧ | **જાહેર માહિતી અધિકારી** | શ્રી લોકેન્દ્રસિંહ રાઠોર આસી.મેનેજર (ટેક્ષ મ.કચેરી) | ટેક્ષ મધ્યસ્થ કચેરી, પાંચમો માળ, જુની બિલ્ડીંગ, સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ | ૯૩૭૭૪૮૨૩૯૨ | ldrathore@ahmedabadcity.gov.in |
| ૨ | **અપીલ અધિકારી** | શ્રી દેબાશિષ બેનરજી એસેસર અને ટેક્ષ કલેકટર (ઈન્ચાર્જ) | ટેક્ષ મધ્યસ્થ કચેરી, પાંચમો માળ, જુની બિલ્ડીંગ, સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ | ૯૩૨૭૦૩૮૮૪૫ | dbanerjee@ahmedabadcity.gov.in |

- **સમગ્ર શહેરની ટેક્ષ ખાતાની સંકલિત માહિતી માટે**

| | | **નામ / હોદ્દો** | **ઓફિસનું સરનામુ** | **ઓફિસ / મોબાઈલ નંબર** | **ઈ-મેઈલ એડ્રેસ** |
|---|---|---|---|---|---|
| | **જાહેર માહિતી અધિકારી** | શ્રી દેબાશિષ બેનરજી એસેસર અને ટેક્ષ કલેકટર (ઈન્ચાર્જ) | ટેક્ષ મધ્યસ્થ કચેરી, પાંચમો માળ, જુની બિલ્ડીંગ, સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ | ૯૩૨૭૦૩૮૮૪૫ | dbanerjee@ahmedabadcity.gov.in |
| | **અપીલ અધિકારી** | શ્રી પરાગ શાહ આસી.મ્યુ.કમિશ્નર (ઉત્તરઝોન) | ડો.રાજીવ ગાંધી ભવન, મેમ્કો ચાર રસ્તા, નરોડા રોડ, અમદાવાદ. | ૯૩૭૭૫૯૮૮૫૭ | shahparag@ahmedabadcity.gov.in |

# ટેક્ષ ખાતાનું વહીવટી માળખુ

| | |
|---|---|
| ડે.મ્યુ.કમિશનર (ટેકસ) | ડે.મ્યુ.કમિશનર (ઝોન) |
| \| | \| |
| એસેસર અને ટેકસ કલેકટર | ડે.એસેસર અને ટેકસ કલેકટર |
| \| | \| |
| આસિ.મેનેજર | આસિ.મેનેજર |
| \| | \| |
| ઓફિસ સુપ્રિ.-હેડ કલાર્ક | ડિવિઝનલ સુપ્રિન્ટેન્ડન્ટ |
| \| | \| |
| સીનીયર કલાર્ક | વોર્ડ ઈન્સ્પેકટર |
| \| | \| |
| જુનીયર કલાર્ક | જુનીયર કલાર્ક |

**આકારણી ઘટાડવા બાબતઃ-**

**મિલકતના પ્રોપર્ટી ટેક્ષની આકારણી ધટાડવા અંગેની કરદાતાની અરજી સંદર્ભે ટેક્ષ ઝોનલ કચેરીના વોર્ડ ઈન્સ્પેક્ટર દ્વારા ફાઈલ તૈયાર કરવામાં આવે છે, જેમાં ડિવિઝનલ સુપ્રિન્ટેન્ડેન્ટ તથા આસિ.મેનેજરશ્રી દ્વારા થયેલ ભલામણને ધ્યાનમાં લઈ, ટેક્ષ ખાતાના અધિકૃત અધિકારી દ્વારા (મ્યુનિસિપલ કમિશનરશ્રીના ઓફિસ ઓર્ડર નં.૨૯ તા.૧૩-૯-૨૦૦૫ અન્વયે મળેલ  સત્તા મુજબ) ટેક્ષ ઘટાડવાની મંજુરી આપવામાં આવે છે. (ઓર્ડરની નકલ સામેલ છે.)**

## **ઓફિસ ઓર્ડર નં.૨૯ તા. ૧૩.૦૯.૨૦૦૫**

**હવેથી ટેક્ષ ખાતામાં કોઈપણ મિલકતનો ટેક્ષ કમી કરવાનો થતો હોય (જુની તથા નવી ફોર્મ્યુલા) તો તે ફાઈલની મંજુરી અર્થે નીચે જણાવ્યા મુજબના ફેરફાર અનુસાર જે તે અધિકારીશ્રીએ કાર્યવાહી કરવાની રહેશે.**

(૧) જો કોઈપણ મિલકતનો ટેક્ષ રૂા.૨૫,૦૦૦/- સુધી કમી થતો હશે તો જે તે ઝોનના ડે.એસેસર અને ટેક્ષ કલેકટરશ્રીએ તે અંગે અંતિમ નિણર્ય લેવાનો રહેશે.

(૨) જો કોઈપણ મિલકતનો ટેક્ષ રૂા.૨૫,૦૦૧ થી ૫૦,૦૦૦/- સુધી કમી થતો હશે તો જે તે ઝોનના ડે.એસેસર અને ટેક્ષ કલેકટરશ્રીએ તેની મંજુરી અર્થે એસેસર અને ટેક્ષ કલેકટરશ્રીને મુકવાની રહેશે અને એસેસર અને ટેક્ષ કલેકટરશ્રીએ તે અંગે અંતિમ નિણર્ય લેવાનો રહેશે

(૩) જો કોઈપણ મિલકતનો ટેકસ રૂા.૫૦,૦૦૧/- થી રૂા.૫,૦૦,૦૦૦/- સુધી કમી થતો હશે તો ઓછામાં ઓછા ત્રણ ડે.એસેસર અને ટેક્ષ કલેકટરશ્રી અને એસેસર અને ટેક્ષ કલેકટરશ્રીની કમીટીએ ફાઈલ જે તે ઝોનના ડે.મ્યુ.કમિશનરશ્રી સમક્ષ મંજૂરી અર્થે મુકવાની રહેશે અને તે અંગેનો અંતિમ નિર્ણય તેમણે લેવાનો રહેશે.

(૪) જો કોઈપણ મિલકતનો ટેકસ રૂા.૫,૦૦,૦૦૦/- કરતાં વધુ કમી થતો હશે તમામ ડે.એસેસર અને ટેક્ષ કલેકટરશ્રી અને એસેસર અને ટેક્ષ કલેકટરશ્રીની કમીટીએ તેની ભલામણ ડે.મ્યુ.કમિશનર (ઝોન)શ્રીને નીચે જણાવ્યા મુજબની કમિટીને કરવાની રહેશે અને સદરહુ કમીટીએ તે અંગેની મંજુરી આપવાની રહેશે .

| **સંબંધિત ઝોનની ફાઈલ** | **કમિટી** |
|---|---|
| પૂર્વ ઝોન | ડે.મ્યુનિ.કમિ. શ્રી (ટેક્ષ) + ડે.મ્યુનિ. કમિ. શ્રી (નાણાં) +<br>ડે.મ્યુનિ. કમિ. શ્રી (પૂર્વ ઝોન) + ડે.મ્યુનિ. કમિ. શ્રી (ઉત્તર ઝોન) |
| પશ્ચિમ ઝોન | ડે.મ્યુનિ.કમિ. શ્રી (ટેક્ષ) + ડે.મ્યુનિ. કમિ. શ્રી (નાણાં) +<br>ડે.મ્યુનિ.કમિ.શ્રી (પૂર્વ ઝોન) + ડે.મ્યુ.કમિ.શ્રી (પશ્ચિમ ઝોન) |
| મધ્ય ઝોન | ડે.મ્યુનિ.કમિ. શ્રી (ટેક્ષ) + ડે.મ્યુનિ. કમિ. શ્રી (નાણાં) +<br>ડે.મ્યુનિ.કમિ.શ્રી (મધ્ય ઝોન) ડે.મ્યુનિ.કમિ.શ્રી (પશ્ચિમ ઝોન) |
| ઉત્તર ઝોન | ડે.મ્યુનિ.કમિ. શ્રી (ટેક્ષ) + ડે.મ્યુનિ. કમિ. શ્રી (નાણાં) +<br>ડે.મ્યુનિ.કમિ.શ્રી (દક્ષિણ ઝોન)+ ડે. મ્યુનિ. કમિ.શ્રી (ઉત્તર ઝોન) |
| દક્ષિણ ઝોન | ડે.મ્યુનિ.કમિ. શ્રી (ટેક્ષ) + ડે.મ્યુનિ. કમિ. શ્રી (નાણાં) +<br>ડે.મ્યુનિ. કમિ.શ્રી (દક્ષિણ ઝોન) + ડે.મ્યુનિ. કમિ.શ્રી (મધ્ય ઝોન) |

આ અગાઉ કરેલ ઓફિસ ઓર્ડર નં.૨૬ તા.૧૮-૦૮-૨૦૦૫ રદ થવાને પાત્ર રહેશે.

સહીઃ અનિલ મુકીમ
**મ્યુનિસિપલ કમિશનર**

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

## એસેસમેન્ટ એન્ડ ટેકસ કલેકશન ડિપાર્ટમેન્ટ

---

**<u>સરકયુલર નંબરઃ ૧ /૨૦૦૬-૨૦૦૭</u>**

આથી તમામ ઝોનના ડે.એસેસર અને ટેકસ કલેકટરશ્રીને જણાવવાનું કે સને ૨૦૦૫-૦૬ માં સરકયુલર નં.૩ માં જણાવ્યા મુજબની સ્કીમનો અમલ તા.૩૧-૦૩-૨૦૦૬ સુધી કરવામાં આવેલ અને તે વનટાઈમ સેટલમેન્ટ તરીકે ગણાશે તે મુજબ તા.૩૧-૦૩-૦૬ પછી આ સ્કીમ અમલમાં રહેતી ન હોવાથી, હવે તા.૦૧-૦૪-૦૬ પછી જુના ઓફિસ ઓર્ડર નં.૩૫૪૨ તા.૦૪-૦૬-૨૦૦૨ નો અમલ ચાલુ કરી ટેક્ષ કમીનો લાભ કરદાતાને આપવો. પરંતુ આ ઓફિસ ઓર્ડર મુજબ થતો પ્રોપર્ટી ટેકસ નવી ફોર્મ્યુલાના ટેકસ કરતાં ઓછો હોવો જોઈએ નહિ તથા જે તારીખે મંજુરી આપવામાં આવતી હોય તે તારીખના રોજ જેટલા વર્ષ - માસનો જુની ફોર્મ્યુલાનો મિલકતવેરો બાકી હશે તેટલા વર્ષ-માસ માટે મળી શકશે. આનો લાભ બંધ મિલોને લાગુ પડશે નહીં.

**સહીઃ યુ.સી.પડિયા**

તા. ૧૩-૦૪-૨૦૦૬ **ડે.મ્યુ.કમિશનર (ટેકસ)**

**નકલ રવાનાઃ**

**૧. તમામ ઝોનના ડે.એસેસર અને ટેકસ કલેકટરશ્રી**
**૨. તમામ ઝોનના આસિ.મેનેજરશ્રી**
**૩. તમામ ઝોનના ડી.સુ.શ્રી**
**૪. સરકયુલર ફાઈલે**

**OFFICE ORDER NO.3542**

Where as it is decided to settle all cases pending in Small Cause Court in respect of Tax Valuation appeals through Lok Adalat as well as pre litigation cases pending at zone offices of Tax Department and it is felt necessary to delegate powers to the officers of the Tax Department to settle the cases in the Lok Adalat as well as Zone offices.

Therefore in exercise of powers vested under section 69(1) of the B.P.M.C. Act 1949, the Municipal Commissioner of the City of Ahmedabad, hereby empowers, subject to his revision and control, the Dy.Assessor & Tax Collector (Zones), Assessor & Tax Collector in respect of special properties exces 2(c) to exercise, perform or discharge the powers, duties or functions vested in him as per schedule appended hereto and signed by him.

SD: P. Paneervel

Date:4-6-02 Municipal Commissioner

## SCHEDULE

The above officers of Tax Department will have powers to settle the cases regarding Tax Valuation Appeals pending in the Small Causes Courts as well as pre-litigation cases pending at Zonal Offices of Tax Department taking into consideration the following guidelines:-

He will settle the cases in Lok Adalat as well as at Zonal Officers as per following proposed L.R.

[1] Proposed lating rates for the commercial offices, banks, shops, hotels etc.

| | ZONE | L.R. as per old formula | Proposed L.R. |
|---|---|---|---|
| **A)** | **Central Zone** | | |
| 1) | Properties situated in Shahibaug, Relief Road and Gandhi Road area | 35/25 | 22 |
| 2) | All properties of the Central Zone except clause (1) | 22/20 | 16 |
| **B)** | **East Zone** | | |
| 1) | All properties of the East Zone | 22/20 | 12 |
| **C)** | **West Zone** | | |
| 1) | Properties situated in the area of Gandhi Bridge to Income Tax High Court Crossing to C.G. Road upto Panchvati to Parimal Crossing, Ashram Road from Ushmanpura char rasta to Paldi rasta. | 46/38 | 30 |
| 2) | Properties situated in the area of from Paldi char rasta to Vasna Circle, Vadaj circle to Usmanpura char rasta to west of Sardar patel colony char rasta, University to L.D. Engineering College to Nehrunagar char rasta to Shreyas Crossing to Anjali Cinema char rasta, Inside Roads connecting C.G.Road & Ashram road & all properties situated on the 60' or more than 60' road in the west zone (except clause 1) | 38/30 | 30 |

| | | | |
|---|---|---|---|
| 3) | Properties situated in Gamtal and its internal surrounding areas properties, Sabarmati, Keshavnagar, Old Vadaj, New Vadaj, Naranpura, Ushmanpura, Navrangpura, Memnagar, Mithakhali, Madalpur, Vasna, Paldi, Kochrab etc. Properties situated at the internal roads of Gamtal and internal properties situated on roads of Gujarat Housing Board. All properties except clause 1 & 2 and situated on less the 60' wide road of west zone. | 27/22 | 22 |
| **D)** | **North Zone** | | |
| | All properties of the North Zone | 22/20 | 12 |
| **E)** | **South Zone** | | |
| **1)** | All properties Shopping Centres & markets situated from the end of Sarangpur Bridge to New Cloth market to Raipur Darwaja, All property situated from Maninagar Station to Rambauge to Pushpakunj Road. | 35/25 | 22 |
| **2)** | All properties situated in the South Zone except clause (1) above | 22/20 | 16 |

**[2]**

| | | | |
|---|---|---|---|
| **1)** | Properties: Private Nursery (Bal Mandir), Private and Govt. Schools, Private and Govt. Colleges, University Campus, Musuams, Community Hall, Social Institute run by Public Charitable Trust (for the welfare of women, old people, deaf, dump and blind, physically handicapped, mentally retarded people) and non grantable schools. | | 75% of the above proposed L.R. |

**[3]**

| | | | |
|---|---|---|---|
| **1)** | Properties :- Water tank, Water pump room, Drainage Pumping Stations, Dhobighat, Grantable Schools run by Public Charatiable Trust, Boarding-Loadging, Hostels, Dharmshala, Ashram & Library run by Public Charitable Trust and Religious Insitutions. | | 50% of the above proposed L.R. |

**[4]**

| | | | |
|---|---|---|---|
| **1)** | For Manufacturing Units :- (Factories)<br>(in New & old limits of AMC) | | Existing 50% Rebate Scheme |

**[5]**

| | | | |
|---|---|---|---|
| **1)** | For Rented Properties | | Double L.R. of the above proposed L.R. |

**[6]**

| | | | |
|---|---|---|---|
| **1** | Applicants who hasn't filed cases in the court and the property tax is still pending will also be given the above benefits. | | |

SD: P. Paneervel

Date:4-6-02

Municipal Commissioner

Copy to:-

(1) All Dy.Mcs.

(2) Muni.Secretary Shri

(3) Muni.Chief Auditor Shri

(4) Asst.M.C.

(5) Chief Accountant

(6) Assessor & Tax Collector

(7) Dy. A & C (Zones)

(8) Labour Officer (I.R.)

(9) C.O.(B&C)

(10) A.M.(C.O.)

## સીટી સિવિક સેન્ટરની યાદી

| અ.નં | ઝોન | સીટી સિવિક સેન્ટર | એડ્રેસ | ફોન નંબર |
|---|---|---|---|---|
| ૧ | મધ્ય | રીલીફ રોડ | રૂપમ સિનેમા સામે, રીલીફરોડ, અમદાવાદ | ૩૨૯૮૧૫૪૮ |
| ૨ | મધ્ય | ગિરધરનગર | ગિરધરનગર વોર્ડ ઓફિસ, ગિરધરનગર, | ૨૫૩૫૫૩૭૮ |
| ૩ | મધ્ય | દાણાપીઠ | સરદાર વલ્લભભાઈ પટેલ ભવન, મ્યુનિસિપલ કોર્પોરેશન કમ્પાઉન્ડ, દાણાપીઠ, અમદાવાદ-૩૮૦૦૦૧ | ૨૫૩૫૫૩૭૮ |
| ૪ | મધ્ય | દુધેશ્વર | મ્યુ.બાલ ભવન, લાલાકાકા હોલ પાસે, દુધેશ્વર | |
| ૫ | મધ્ય | જમાલપુર | જે.પી.સ્ટોર, એ.એમ.ટી.એસ. સ્ટાફ કવાટર સામે, જમાલપુર | |
| ૬ | મધ્ય | દરિયાપુર | કુટી મસ્જિદ પાસે, રૂપાપરીની પોળ, દરિયાપુર દરવાજા, દરિયાપુર | |
| ૭ | મધ્ય | શાહપુર | શાહપુર વોર્ડ ઓફિસ, બાપુ સ્મૃતિકુંજ, શાહપુર ચાર રસ્તા પાસે, શાહપુર | |
| ૮ | મધ્ય | ખાડિયા | જુના આંગડિયા નાકા, મહિપતરામ આશ્રમ પાસે, રાયપુર | |
| ૯ | ઉત્તર | મેમ્કો | રાજીવ ગાંધી ભવન, નરોડા રોડ, મેમ્કો ચાર રસ્તા પાસે, અમદાવાદ-૩૮૦૦૨૫ | ૩૨૯૮૨૪૬૯<br>૩૨૯૮૨૪૭૧ |
| ૧૦ | ઉત્તર | નરોડા-મુઠીયા | નરોડા મુઠીયા વોર્ડ ઓફિસ | ૩૨૯૮૨૪૭૮ |
| ૧૧ | ઉત્તર | સરદારનગર | સરદારનગર લાયબ્રેરી ભવન, સરદારનગર પોલીસ સ્ટેશન પાસે | ૩૨૯૮૨૪૭૫ |
| ૧૨ | ઉત્તર | સરસપુર | સરસપુર બાલભવન, કે.કે.આંખની હોસ્પીટલ પાસે, સરસપુર | ૩૨૯૮૨૪૭૭ |

| અ.નં | ઝોન | સીટી સિવિક સેન્ટર | એડ્રેસ | ફોન નંબર |
|---|---|---|---|---|
| ૧૩ | ઉત્તર | કુબેરનગર | સી-વોર્ડ પાણીની ટાંકી પાસે, સરદરગ્રામ રેલ્વે સ્ટેશન સામે, કુબેરનગર | |
| ૧૪ | ઉત્તર | અસારવા | ચામુંડા બ્રીજ નીચે,નરોડા રોડ. | |
| ૧૫ | ઉત્તર | નોબલનગર | નોબલનગર વોર્ડ ઓફિસ, ઈઉજી ક્વાટર્સ પાસે, નરોડા પોલીસ ચોકી સામે, નોબલનગર. | |
| ૧૬ | ઉત્તર | ઇન્ડિયાકોલોની | ઇન્ડિયા કોલોની વોર્ડ ઓફિસ, ચંદ્ર પ્રસાદ દેસાઇ હોલ સામે, ઇન્ડિયા કોલોની. | |
| ૧૭ | ઉત્તર | ઠક્કરબાપાનગર | ઠક્કરબાપાનગર વોર્ડ ઓફિસ, કેવડિયાની ચાલી,બજરંગ આશ્રમ સામે, નેશનલ હાઇવે નં ૮, ઠક્કરબાપાનગર. | |
| ૧૮ | દક્ષિણ | રામબાગ | મ્યુ.બાલભવન, મણિનગર ફાયર સ્ટેશનની સામે, રામબાગ,મણિનગર,અમદાવાદ-૮ | ૩૨૯૮૧૨૪૬<br>૩૨૯૮૨૪૭૦ |
| ૧૯ | દક્ષિણ | ઈસનપુર | ઈસનપુર વોર્ડ ઓફિસ | ૩૨૯૮૨૪૭૨ |
| ૨૦ | દક્ષિણ | ઇન્દ્રપુરી | બાગેફિરદોશ વોર્ડ ઓફિસ, સ્વા મિનારાયણનગર પાસે | ૩૨૯૮૨૪૭૩ |
| ૨૧ | દક્ષિણ | કાંકરિયા | મ્યુનિ. સ્કૂલ પાસે, પારસી અગિયારી પાસે, વેદ મંદિર રોડ, કાંકરિયા. | |
| ૨૨ | દક્ષિણ | ઘોડાસર | નવી દાણીલીમડા વોર્ડ ઓફિસ, ઘોડાસર | |
| ૨૩ | દક્ષિણ | વટવા | વટવા ગામ | |
| ૨૪ | દક્ષિણ | ખોખરા | ખોખરા સિવીક સેન્ટર, ખોખરા સર્કલ, રોકડીયા હનુમાન પાસે, ખોખરા. | ૨૨૭૪૮૦૮૧ |
| ૨૫ | દક્ષિણ | લાંભા | લાંભા વોર્ડ ઓફિસ, ફ્રી વે ટ્રેડ સેન્ટર, નારોલ-અસલાલી હાઇવે, નારોલ ગામ. | |

| અ.નં | ઝોન | સીટી સિવિક સેન્ટર | એડ્રેસ | ફોન નંબર |
|---|---|---|---|---|
| ૨૬ | દક્ષિણ | બહેરામપુરા | બહેરામપુરા વોર્ડ ઓફિસ, ટોરેન્ટ પાવર સબસ્ટેશન પાસે, ખોડિયારનગર ચાર રસ્તા બહેરામપુરા | |
| ૨૭ | પૂર્વ | રખિયાલ | વિમળભાઈ મ્યુ. લાયબ્રેરી ભવન, રખિયાલ ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૨૧ | ૩૨૯૮૨૪૭૪<br>૩૨૯૮૨૪૭૬ |
| ૨૮ | પૂર્વ | વિરાટનગર | વિરાટનગર કેશ કલેકશન સેન્ટર, વિરાટનગર ઝોનલ ઓફિસ | ૩૨૯૮૧૨૪૩ |
| ૨૯ | પૂર્વ | રાજપુર | સબ ઝોનલ ઓફિસ, ચકુડીયા મહાદેવ પાસે, બળીયા કાકા રોડ, રાજપુર | ૨૨૭૪૪૬૪૮ |
| ૩૦ | પૂર્વ | મહાવીરનગર | ભાઇપુરા વોર્ડ ઓફિસ, જુના એ.એમ.ટી.એસ. ડેપોની અંદર હાટકેશ્વર, સીટીએમ રોડ | ૨૫૮૩૫૫૧૬ |
| ૩૧ | પૂર્વ | ગોમતીપુર | વોર્ડ ઓફિસ, મ્યુ.બાલભવન, ગોમતીપુર દરવાજા સામે | ૨૨૭૭૪૫૮૦ |
| ૩૨ | પૂર્વ | અર્બુદાનગર | નવુ લાયબ્રેરી બીલ્ડીંગ, ક્રીશ્ના પાર્ક ટયુબવેલની સામે, નિકોલ | ૨૨૭૦૦૧૬૦ |
| ૩૩ | પૂર્વ | અમરાઈવાડી | સબઝોનલ ઓફિસ, મથુર માસ્તર ચાર રસ્તા પાસે, ૧૩૨ ફુટ રીંગ રોડ, અમરાઈવાડી | ૨૨૭૭૧૯૮૨ |
| ૩૪ | પૂર્વ | બાપુનગર | ગાયત્રી મંદિર પાછળ, બાપુનગર. | |
| ૩૫ | પૂર્વ | વસ્ત્રાલ | જુની નગર પાલિકા ઓફિસ, અજય ટેનામેન્ટ વિભાગ-૫ની બાજુમાં, વસ્ત્રાલ રોડ, મહાદેવનગર | |
| ૩૬ | પૂર્વ | ઓઢવ | ઓઢવ વોર્ડ ઓફિસ, ઓઢવ ફાયર સ્ટેશન પાસે, ઓઢવ. | |

| અ.નં | ઝોન | સીટી સિવિક સેન્ટર | એડ્રેસ | ફોન નંબર |
|---|---|---|---|---|
| ૩૭ | પશ્ચિમ | લો ગાર્ડન | ગુજરાત લો સોસાયટીના મુખ્ય દરવાજા સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬ | ૩૨૯૮૧૫૪૯<br>૩૨૯૮૧૨૪૭ |
| ૩૮ | પશ્ચિમ | ઉસ્માનપુરા | ડો.રમણભાઈ પટેલ ભવન, ઉસ્માનપુરા ચાર રસ્તા, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૧૩ | ૩૨૯૮૧૫૪૭<br>૩૨૯૮૧૨૪૨ |
| ૩૯ | પશ્ચિમ | વાસણા | વાસણા સિટી સિવિક સેન્ટર, સ્વીમીંગ પુલ બીલ્ડીંગ, ગોદાવરી ફ્લેટની સામે,વાસણા | ૩૦૯૧૦૨૪૧ |
| ૪૦ | પશ્ચિમ | નવાવાડજ | નવાવાડજ મસ્ટર ઓફિસ, નવાવાડજ સર્કલ, નવા વાડજ | ૩૨૯૮૧૨૪૮ |
| ૪૧ | પશ્ચિમ | ધરણીધર | કે.કે.શાસ્ત્રી વાંચનાલય, ધરણીધર દેરાસર સામે | ૨૬૬૦૯૪૮૨ |
| ૪૨ | પશ્ચિમ | સાબરમતી | સબઝોનલ ઓફિસ, ટોરન્ટ પાવર સ્ટેશન સામે, સાબરમતી | ૨૭૫૧૮૦૧૧ |
| ૪૩ | પશ્ચિમ | ચાંદખેડા | જુની નગરપાલિકા ઓફિસ, ચાંદખેડા ગામ | ૩૨૫૨૦૮૮૨ |
| ૪૪ | પશ્ચિમ | આંબાવાડી | ગાંધીગ્રામ સબઝોનલ ઓફિસ, હિમ્મતલાલ પાર્ક પાસે, આઝાદ સોસાયટી. | ૨૬૭૬૦૪૩૩ |
| ૪૫ | પશ્ચિમ | સરદાર પટેલ સ્ટેડિયમ | પંચશીલ સોસાયટી પાસે, નારણુરા ક્રોસિંગ, નારણપુરા | |
| ૪૬ | પશ્ચિમ | નારણપુરા | કામેશ્વર મહાદેવ પાસે, નારણપુરા | |
| ૪૭ | પશ્ચિમ | જુના વાડજ | આરટીઓ કેમ્પસ, કલેક્ટર ઓફિસ પાસે, સુભાષબ્રિજ | |
| ૪૮ | નવા પ.ઝોન | બોડકદેવ | બોડકદેવ સીટી સીવીક સેન્ટર, અતિથિ ડાઈનીંગ હોલની પાસે,જયદીપ ટાવર પાસે, શ્રધ્ધા પેટ્રોલ પંપની ગલીમાં | ૩૨૯૮૧૩૮૨<br>૩૨૯૮૧૩૯૬ |

| અ.નં | ઝોન | સીટી સિવિક સેન્ટર | એડ્રેસ | ફોન નંબર |
|---|---|---|---|---|
| ૪૯ | નવા પ.ઝોન | વેજલપુર | વેજલપુર સીટીસીવીક સેન્ટર, જલતરંત પોલીસ સ્ટેશન પાસે, જલતરંગ બસ સ્ટેન્ડ અમદાવાદ | ૨૬૮૧૩૨૭૮ |
| ૫૦ | નવા પ.ઝોન | રાણીપ | રાણીપ સીટી સીવીક સેન્ટર, જુના નગર પાલિકા બીલ્ડીંગ, મહેશ પાર્ટી પ્લોટની સામે | ૨૭૫૨૩૪૦૯ |
| ૫૧ | નવા પ.ઝોન | ચાદલોડીયા | ચાંદલોડીયા સીટી સીવીક સેન્ટર, ચાંદલોડીયા | ૨૭૬૦૫૧૭૦ |
| ૫૨ | નવા પ.ઝોન | મેમનગર | મેમનગર ટેક્સ કલેકશન સેન્ટર, મેમનગર નગરપાલિકા ઓફિસ, માનવમંદિર પાસે | ૨૭૪૯૦૬૧૭<br>૨૭૪૯૪૯૬૨ |
| ૫૩ | નવા પ.ઝોન | વસ્ત્રાપુર | વસ્ત્રાપુર ટેકસ કલેકશન સેન્ટર, વસ્ત્રાપુર નગર પાલિકા ઓફિસ | ૩૨૯૮૪૧૪૨ |
| ૫૪ | નવા પ.ઝોન | સરખેજ | વોર્ડ ઓફિસ જુની નગરપાલીકા ઓફીસ, પાણીની ટાંકી પાસે, સરખેજ | ૨૬૮૨૩૩૯૯ |
| ૫૫ | નવા પ.ઝોન | કાળી | વોર્ડ ઓફિસ, કાળીગામ | ૨૭૫૨૨૩૧૧ |
| ૫૬ | નવા પ.ઝોન | ધાટલોડીયા | ધાટલોડીયા નગરપાલિકા કચેરી | ૩૨૫૨૦૮૮૦ |
| ૫૭ | નવા પ.ઝોન | જોધપુર | જુની નગરપાલીકા ઓફિસ, રામજી મંદિર પાસે, જોધપુર ગામ | ૨૬૯૨૪૫૩૩ |
| ૫૮ | નવા પ.ઝોન | ગોતા | ગોતા વોર્ડ ઓફિસ, એડીબી વોટર ટેન્ક પાસે, સાયન્સ સીટી રોડ, સોલા | |
| ★ | મોબાઇલ ટેક્ષ કલેક્શન વાનની સુવિધા | | | |
| ★ | ઓનલાઇન પેમેન્ટની સુવિધા | | | |

## મ્યુનિસિપલ પ્રોપર્ટી ટેકસના કર દરની નવી ફોર્મ્યુલા મુજબ માહિતી

## (અમલ તા.૧-૪-૨૦૦૧)

## સામાન્યવેરાની ગણત્રીની ફોર્મ્યુલા

**સામાન્યવેરો = વાર્ષિક દર x મિલકતનુ ક્ષેત્રફળ x ( ફેકટરઃ૧ x ફેકટરઃ૨ x ફેકટરઃ3 x ફેકટરઃ૪ )**

**વાર્ષિક દર :**

ઉપરોકત ફોર્મ્યુલામાં મિલકતનો વાર્ષિક દર ચો.મીટર દીઠ મ્યુનિસિપલ કોર્પોરેશન દર વર્ષે બજેટ મંજૂર કરતી વખતે જાહેર કરશે અને તે દર નકકી કરતી વખતે કોર્પોરેશને આગામી વર્ષ દરમ્યાન કોર્પોરેશનની નાણાંકિય જરૂરિયાતો લક્ષમાં લેશે.

**મિલકતનું ક્ષેત્રફળ :**

મિલકતનું ક્ષેત્રફળ આકારણી હેઠળની મિલકતના કારપેટ એરીયા ઉપરથી નકકી કરવામાં આવશે. કારપેટ એરીયા ગણતી વખતે મિલકતની બાહય અને આંતરિક દિવાલો હેઠળના ક્ષેત્રફળ સિવાયનું મિલકતનું તમામ ક્ષેત્રફળ ધ્યાને લેવાનુ રહેશે.

**વર્ષ ૨૦૧૩/૨૦૧૪ માટે રહેઠાણની મિલકતો માટેનો પ્રતિ ચો.મી.વાર્ષિક દર રૂા.૧૬/- અને બિનરહેઠાણની મિલકતો માટેનો પ્રતિ ચો.મી. વાર્ષિક દર રૂા.૨૮/- નકકી કરવામાં આવેલ છે.**

**ફેકટરના પ્રકાર અને ફેકટર લાગુ પાડવાની પદ્ધતિ**

**ફેકટર -: ૧ : સ્થળ પરિસ્થિતિ (Location) અંગેનો ફેકટર**

અમદાવાદ શહેરનો કેટલોક વિસ્તાર સમૃધ્ધ છે, કેટલોક મધ્યમ કક્ષાનો છે અને કેટલાક વિસ્તારમાં ગરીબ પ્રજા રહે છે તેથી અલગ અલગ વિસ્તારની સમૃધ્ધિને લક્ષમાં લઈને સ્થળ સ્થિતિ અંગે ફેકટર લાગુ પાડવાના રહે છે તેથી પ્રવર્તમાન જમીનની કિંમત પરથી (અ) સમૃધ્ધ વિસ્તાર (બ) સારો વિસ્તાર (ક) મધ્યમ વિસ્તાર (ડ) નબળો વિસ્તાર એમ ચાર વિભાગ પાડેલ છે.

| રહેઠાણ ની મિલકતો માટે | અવયવ |
|---|---|
| સમૃદ્ધ વિસ્તાર | ૧.૬૦ |
| સારો વિસ્તાર | ૧.૧૦ |
| મધ્યમ વિસ્તાર | ૦.૯૦ |
| નબળો વિસ્તાર | ૦.૬૦ |

બિનરહેઠાણની મિલકતનો માટે વિસ્તારનુ વિભાજન વધુ વાણિજય શકયતાઓ ધ્યાનમાં રાખીને કરેલ છે. સારી વાણિજય શકયતાવાળા વિસ્તારનો અવયવનો દર ઉંચો રાખવામાં આવેલ છે જયારે નબળા વાણિજય શકયતાવાળા વિસ્તારનો અવયવનો દર નીચો રાખવામાં આવેલ છે. આ અવયવોની કિંમત નીચે મુજબ રાખેલ છે.

| **બીનરહેઠાણ ની મિલકતો માટે** | **અવયવ** |
|---|---|
| **ખૂબ જ સારી** | ૧.૬૦ |
| સારી | ૧.૧૦ |
| મધ્યમ | ૦.૯૦ |
| નબળી | ૦.૬૦ |

રાજય સરકારના સ્ટેમ્પ્સ ડયુટી વિભાગ દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારો માટે જમીનની કિંમતો નકકી થાય છે તેનો આધાર લઈને શહેરના આ પ્રમાણે વિભાજન કરવામાં આવશે.

**ફેકટર : ૨ મિલકતના બાંધકામના વર્ષ આધારિત ફેકટર**

| **અ.નં.** | **મિલકતની ઉંમર** | **અવયવનો દર** |
|---|---|---|
| ૧ | દશ વર્ષ કે તેથી ઓછા સમયની | ૧.૦૦ |
| ૨ | દશ વર્ષથી વધુ પરંતુ વીશ વર્ષ સુધી | ૦.૮૫ |
| ૩ | વીશ વર્ષથી વધુ પરંતુ ત્રીસ વર્ષ સુધી | ૦.૭૦ |
| ૪ | ત્રીસ વર્ષથી  વધુ પરંતુ ચાલીસ વર્ષ સુધી | ૦.૬૦ |
| ૫ | ચાલીસ વર્ષ કરતાં વધુ સમયની | ૦.૫૦ |

**ફેકટર : ૩**

**(અ) રહેઠાણવાળી મિલકતોના પ્રકાર અંગેનો ફેકટરઃ**

અમદાવાદ શહેરમાં રહેઠાણવાળી મિલકતોના જુદા જુદા પ્રકારો છેઃ

(૧)ઝુંપડા (૨)ચાલી (૩) પોળ અને ગામતળના રહેઠાણવાળા મકાનો (૪) ફલેટ (૫) રોહાઉસ-ટેનામેન્ટ (૬) સ્વતંત્ર બંગલા

શહેરમાં આવેલી તમામ રહેણાંકની મિલકતોને ઉપરના પ્રકારો મુજબ વહેંચી તેના માટે નીચે મુજબના અવયવના દર રાખેલ છે.

| **અ.નં** | **મિલકતોનો પ્રકાર** | **અવયવનો દર** |
|---|---|---|
| ૧ | ચાલી (૨૫ ચો.મી. કરતાં વધુ ) | ૦.૫૦ |
| ૨ | પોળ અને ગામતળના રહેઠાણવાળા મકાનો | ૦.૭૦ |
| ૩ | ફલેટ | ૦.૭૦ |
| ૪ | રો હાઉસ, ટેનામેન્ટ | ૧.૦૦ |
| ૫ | સ્વતંત્ર બંગલા | ૧.૫૦ |

**(બ) બિનરહેઠાણવાળી મિલકતોના પ્રકાર અંગેનો ફેકટરઃ**

અમદાવાદ શહેરમાં વસવાટ સિવાયની મિલકતો જેનો જુદા જુદા પ્રકારે વપરાશ થાય છે. વપરાશને લક્ષમાં લઈ નીચે મુજબનું વિભાજન કરવામાં આવેલ છે અને તેના અવયવો નીચે મુજબ રાખવામાં આવેલ છે.

**ક(૧) નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં ૭.૦**

**<u>વાણિજ્યિક હેતુઓ :</u>**

બેન્ક, દવાખાનું, હોસ્પિટલ, કલીનીક, પ્રસુતિગૃહ, લેબોરેટરી, કેન્દ્ર સરકારની કચેરી, રાજય સરકારની કચેરી,સ્થાનિક મંડળોની કચેરી, પોસ્ટ ઓફિસ, વાણિજિયક અને/ અથવા ઔદ્યોગિક એકમોની કચેરી, ઓઈલ કું.ની ઓફિસ, વિવિધ કોર્પોરેશનની ઓફિસો, ટયુશન વર્ગો, ટાઈપીંગ સંસ્થા, ઉપરોકત ઈમારતોના ગોડાઉન તથા વેરહાઉસીસ અને આ ખંડના બીજા કોઇ પણ પેટા ખંડમાં આવતી ન હોય તે ઈમારતો

(૨) **નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં 6.0**

**<u>દુકાનો, હોટલ, રેસ્ટોરન્ટ, મનોરંજનના સ્થળો વગેરે:-</u>**

દુકાનો, હોટલ, રેસ્ટોરન્ટ, મનોરંજનના સ્થળો, ઓપન એર થીયેટર, પેટ્રોલ પંપ, સર્વીસ સ્ટેશન, સીનેમા, કલબ હાઉસ, જીમખાના, કલબની મેસ, લોજીંગ, લોજીંગ એન્ડ બોર્ડીંગ, પાર્ટી પ્લોટ (કોમ્યુનીટી હોલ સિવાય) ડીશ એન્ટેના,પેજર એન્ટેના ટાવર, સાઈન બોર્ડ, જાહેરખબરના પાટીયા, મોબાઈલ ફોન ટાવર, ઉપરોકત ઈમારતોના ગોડાઉન તથા વેરહાઉસીસ.

(૩) **નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં ૨.૦**

**<u>ઔદ્યોગિક એકમો અને કારખાના (ફકત ઉત્પાદન તથા પ્રોસેસીંગ કરતી ઈમારતો માટે):-</u>**

વીજળી કંપનીનું પાવર હાઉસ, વીજળી સબ-સ્ટેશન, એરેટેડ વોટર ફેકટરી, ભઠ્ઠા, બ્રાસ વર્કસ, બ્રીક અને સીરામીક વર્કસ, સીમેન્ટની વસ્તુઓ, કલે બનાવવાના એકમો, કેમીકલ ફેકટરી, કન્ફેકશનરી, ડેરી, ડીસ્ટીલીયરી, ફાઉન્ડ્રી, ફલોર ફેકટરી, આયર્ન ફેકટરી, ઝીન્ક ફેકટરી, સીલ્વર ઓર્નામેન્ટ ફેકટરી, જગરી બનાવવાનું એકમ,લેધર મેન્યુફેકચરીંગ યુનીટ, ચુના ચકકી, ચુના ભઠ્ઠી, ઓઈલ એકસટ્રેશન, પેપર મેન્યુ., પ્લાસ્ટીક ફેકટરી, પોટરી, સાગોળ મેન્યુ., સોપ મેન્યુ., સુગર મેન્યુ.,ટીન ફેકટરી, તમાકુ ફેકટરી, વર્કશોપ, ફેકટરી સ્ટીમ ઝીલ, ઓટો ગેરેજ , ફેકટરી - એ, બી, સી, ડી, ઈ, એફ, મીલ, પાવરલુમ, હેન્ડલુમ, બોર્ન વોશીંગ, બ્લીચીંગ, કોટન સ્પીનીંગ અને ડાઈંગ, ડાઈંગ બ્લીચીંગ, ધાણાદાળ ફેકટરી, લેધર પ્રોસેસીંગ, સ્કીન પ્રીન્ટીગ, સલ્ફર પ્રોસેસીંગ , સ્ટાર્ચ પ્રોસેસીંગ, વરીયાળી પ્રોસેસીંગ, વુલ પ્રોસેસીંગ, કોલ્ડ સ્ટોરેજ, લાકડા પીઠા, ભઠીયારખાના, રીપેરીંગ વર્કસ, નર્સરી (ફુલ છોડ), એનીમલ માર્કેટ, ઢોરના તબેલા, પોલ્ટ્રી ફાર્મ, દુધાળા ઢોરનો તબેલો, વે બ્રીજ, બાઈન્ડીંગ પ્રેસ, પ્રિન્ટીંગ પ્રેસ, પ્રોસેસ સ્ટુડીયો, ફોટો સ્ટુડીયો, કોમન એફલ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ઉપરોકત ઈમારતોના ગોડાઉન તથા વેરહાઉસીસ

**(૪)** **નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં ૨.૦**

**<u>શૈક્ષણિક અને સામાજીક સંસ્થાઓ:-</u>**

ખાનગી નર્સરી (બાલમંદિર), ખાનગી અને સરકારી શાળાઓ, ખાનગી અને સરકારી કોલેજો, યુનિવર્સિટી કેમ્પસ, મ્યુઝીયમ, કોમ્યુનિટી હોલ, પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત સામાજિક સંસ્થાઓ (નારી સંરક્ષણ તથા ઉત્થાન, ઘરડાઘર, બહેરામુંગા, અંધજન, મંદબુધ્ધિ, શારીરિક ખોડખાંપણ સાથે સંકળાયેલી સંસ્થાઓ) તથા નોન ગ્રાન્ટેબલ શાળાઓ

(ખ) **નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં, મુકરર કરેલ દર વધારી શકાશે નહિં કે ઘટાડી શકાશે નહિ.**

પાણીની ટાંકી, વોટર પંપ રૂમ, ડ્રેનેજ પંપીગ સ્ટેશન, ધોબીઘાટ, પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચલાવાતી ગ્રાન્ટેડ શાળાઓ,પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ તથા ધાર્મિક સંસ્થાઓ દ્વારા ચલાવાતી હોય તેવી બોર્ડીંગ-લોજીંગ-હોસ્ટેલ, ધર્મશાળા, આશ્રમ, ગ્રંથાલય

(ગ) **નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં, મુકરર કરેલ દર ,0.0 વડે ગુણતાં જે આવે તેટલો ઘટાડવો જોઈશે.**

મંદિર, મસ્જીદ, દેરાસર (જૈન મંદિર), ચર્ચ, રોઝા, કબર, ગુરૂદ્વારા (શીખ મંદિર), અપાસરા, દરગાહ, અગિયારી, સમાધિ, ગ્રેબયાર્ડ, કબ્રસ્તાન, સ્મશાગૃહ, કૂવો, હવાડો, હમામખાના (જાહેર બાથ),માટીના અખાડા, મદ્રેશા, પાઠશાળા, મફત પાણીની પરબ

**ફેકટર : ૪ મિલકતનો ઉપયોગ કોણ કરે છે તેને આધારિત ફેકટરઃ**

| **અ.નં** | મિલકતનો ભોગવટા પરિબળ | **રહેણાંક** | **બિનરહેણાંક** |
|---|---|---|---|
| ૧ | **માલિકના ભોગવટાવાળી મિલકતો** | ૧.૦૦ | ૧.૦૦ |
| ૨ | **ભાડવાતના ભોગવટાવાળી મિલકતો** | ૧.૦૦ | ૨.૦૦ |

કલમ ૧૪૧ઈ (૧) મુજબ શહેરની બીનરહેણાંકવાળી ગ્રાઉન્ડ ફલોર સિવાયની મિલકતોના સામાન્ય કરમાં ૨૦% રિબેટ આપવામાં આવશે.

આમ છતાં, ઓછામાં ઓછો સામાન્ય વેરો નીચે મુજબ રહેશે.

**(અ) રહેણાંકવાળી મિલકતો માટેઃ**

| **અ.નં** | **મિલકતનો પ્રકાર** | **મિલકતનુ માપ (ચો.મીટર)** | **લધુત્તમ** સામાન્ય **વેરો** |
|---|---|---|---|
| ૧ | ઝૂંપડા | -- | ૮૪.૦૦ |
| ૨ | ચાલી | ૨૫ ચો.મી. થી નાના | ૨૬૪.૦૦ |
| ૩ | અન્ય | ૩૦ ચો.મી. થી નાના | ૨૬૪.૦૦ |
| ૪ | અન્ય | ૩૦ ચો.મી. થી ૫૦ ચો.મી. સુધીના | ૩૦૦.૦૦ |
| ૫ | અન્ય | ૫૦ ચો.મી.થી વધુ | ૩૩૦.૦૦ |

**ઝુંપડા માટે મહત્તમ લધુત્તમ** સામાન્ય **વેરો રૂા.૮૪/- તથા ૨૫ ચો.મી.થી નાના મકાનોવાળી ચાલીઓ માટે મહત્તમ લધુત્તમ** સામાન્ય **વેરો રૂા. ૨૬૪/- રહેશે.**

(બ) **બીનરહેણાંકવાળી મિલકતો માટેઃ**

| **અ.નં** | **મિલકતનો પ્રકાર** | **મિલકતનુ માપ (ચો.મીટર)** | **લધુત્તમ** સામાન્ય **વેરો** |
|---|---|---|---|
| ૧ | બિનરહેણાંક | ૧૫ ચો.મી. થી નાના | ૫૪૦.૦૦ |
| ૨ | બિનરહેણાંક | ૧૫ ચો.મી. થી ૩૦ ચો.મી. સુધીના | ૬૬૦.૦૦ |
| ૩ | બિનરહેણાંક | ૩૦ ચો.મી.થી વધુ | ૭૮૦.૦૦ |
| ૪ | પરિશિષ્ટ ડ અને ઈ માં દર્શાવેલ બિનરહેણાંક | ----- | ૯૦૦.૦૦ |

| | | વોટર ટેકસ | કોન્ઝરવન્સી ટેકસ |
|---|---|---|---|
| રહેઠાણની મિલકતો માટે | | સામાન્ય વેરાના ૩૦% | સામાન્ય વેરાના ૩૦% |
| બીનરહેઠાણની મિલકતો માટેઃ | | | |
| ફેકટર-૭ ની મિલકતો માટે | | સામાન્ય વેરાના ૩૫% | સામાન્ય વેરાના ૩૫% |
| ફેકટર-૨ની મિલકતો માટે | | સામાન્ય વેરાના ૩૫% | સામાન્ય વેરાના ૩૫% |
| ફેકટર-૬ ની મિલકતો માટે | | સામાન્ય વેરાના ૪૦% | સામાન્ય વેરાના ૪૦% |
| ફેકટર-૧ ની મિલકતો માટે | | સામાન્ય વેરાના ૩૦% | સામાન્ય વેરાના ૩૦% |

**પાણીના મીટર કનેકશન માટે પ્રોરેટા ચાર્જીસ પધ્ધતિ અનુસાર કનેકશનની સાઈઝ પ્રમાણે વાર્ષિક પ્રોરેટા ચાર્જ નીચે મુજબ લેવાય છે.**

| માંગેલ કને.સાઈઝ | ૧/૨ ઈંચ | | |
|---|---|---|---|
| મેઈન લાઈનની સાઈઝ | ભરવાપાત્ર રકમ રૂપિયામાં | | |
| | રહેઠાણ રૂા.૩/- | કોમર્શીયલ રૂા.૮/- | એરકન્ડીશન/ ચણતર ફી રૂા.૨૦/- |
| ૩ ઈંચથી ૪ ઈંચ સુધી | ૮૭૯/- | ૨૩૪૪/- | ૫૮૬૦/- |
| ૪ ઈંચથી વધુ અને ૯ ઈંચ સુધી | ૧૦૬૫/- | ૨૮૪૦/- | ૭૧૦૦/- |
| ૯ ઈંચથી વધુ ૧૨ ઈંચ સુધી | ૧૩૦૫/- | ૩૪૮૦/- | ૮૭૦૦/- |

| ૩/૪ ઈંચ | | | ૧ ઈંચ | | |
|---|---|---|---|---|---|
| ભરવાપાત્ર રકમ (રૂપિયામાં) | | | ભરવાપાત્ર રકમ (રૂપિયામાં) | | |
| રહેઠાણ રૂા.૩/- | કોમર્શીયલ રૂા.૮/- | એરકન્ડીશન/ ચણતર ફી રૂા.૨૦/- | રહેઠાણ રૂા.૩/- | કોમર્શીયલ રૂા.૮/- | એરકન્ડીશન/ ચણતર ફી રૂા.૨૦/- |
| ૨૪૨૪/- | ૬૪૬૪/- | ૧૬૧૬૦/- | ૪૯૮૬/- | ૧૩૨૯૬/- | ૩૩૨૪૦/- |
| ૨૯૫૮/- | ૭૮૮૮/- | ૧૯૭૨૦/- | ૬૧૦૫/- | ૧૬૨૮૦/- | ૪૦૭૦૦/- |
| ૩૬૨૭/- | ૯૬૯૨/- | ૨૪૧૮૦/- | ૭૪૬૭/- | ૧૯૯૧૨/- | ૪૯૭૮૦/- |

**<u>અમદાવાદ મહાનગરપાલિકાની હદમાં ભેળવવામાં આવેલ નગરપાલિકા અને પંચાયતના વિસ્તારો માટે</u>**

બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ની કલમ-૪૫૫ હેઠળ મળેલ સત્તાની રૂઇએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં મિલ્કત વેરાની વસુલાત અંગે કારપેટ એરીયા બેઝ ફોર્મ્યુલા હેઠળ મિલકત વેરાની વસુલાત કરવા સંબંધિત ૨૦૦૧-૨૦૦૨થી અમલમાં મુકેલ બી.પી.એમ.સી. એકટની કલમ-૧૪૧(બી) મુજબની પ્રોપર્ટી ટેક્ષની કારપેટ એરીયા બેઇઝ, નવી ફોર્મ્યુલાના શીડયુલ-એ, પ્રકરણ-૮માં નિયમ-૮(છ)નો ઉમેરો.

**૮(છ) અમદાવાદ મહાનગરપાલિકાની હદમાં ભેળવવામાં આવેલ વિસ્તારો માટે મિલકત વેરાના ખાસ નિયમો.**

ગુજરાત સરકારશ્રીના જાહેરનામા ક્રમાંકઃ કેવી/૨૫/૨૦૦૬/એએમએન/૯૦૨૦૦૬/૪૧૦/પી, તાઃ૧૪/૦૨/૨૦૦૬ થી ૭ (સાત) નગરપાલિકાઓના વિસ્તારોને તથા જાહેરનામા ક્રમાંકઃ કેવી/૨૧૧/૨૦૦૬/એએમએન/૯૦૨૦૦૬/૪૧૦/પી, તાઃ૨૦/૦૭/૨૦૦૬ થી ૧૦(દસ) નગરપાલિકાઓ તથા ૩૦(ત્રીસ) ગ્રામપંચાયતોના વિસ્તારને અમદાવાદ મહાનગરપાલિકાની હદમાં ભારતના બંધારણની કલમ ૨૪૩(કયુ)(૨) **ની જોગવાઈ હેઠળ સમાવેશ** કરવામાં આવેલ છે. આ તમામ નગરપાલિકાઓ તથા ગ્રામ પંચાયતોના વિસ્તારને અમદાવાદ મહાનગરપાલિકાની હદમાં સમાવવામાં આવતાં તેઓના વિસ્તારની મિલકતોનો મિલકત વેરો બી.પી.એમ.સી.એકટ, ૧૯૪૯ ની કલમ-૧૪૧(બી) મુજબ લેવાનો થાય છે પરંતુ આ વિસ્તારોના વિકાસને ધ્યાને રાખતાં આ વિસ્તારો સમાવતી વખતે જે મિલકતોની આકારણી થયેલ છે તેમજ જો કોઇ મિલકતની આકારણી થયેલ ન

હોય પરંતુ તેનું બાંધકામ મહાનગરપાલિકામાં સમાવેશ થતાં પહેલાં પૂર્ણ થયેલ હોય તો તે અંગેના પુરાવા રજુ કરેથી આવી મિલકતો માટે લેવાનો થતો મિલકત વેરો તથા અન્ય કર/ચાર્જ નીચે મુજબના નિયમોથી લેવાના રહેશે.

૧. વર્ષ ૨૦૦૬-૨૦૦૭ માટે ઉપરોકત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સમાવિષ્ટ કરાયેલ નગરપાલિકાઓ તથા ગ્રામ પંચાયતોના વિસ્તારમાં આવેલ મિલકતોનો મિલકત વેરો જે તે નગરપાલિકા તથા ગ્રામ પંચાયતો પૈકી જયાં સમાવેશ થયા પહેલાં બીલીંગ થયેલ ના હોય તેવા વિસ્તારોમાં વર્ષ ૨૦૦૫-૨૦૦૬નું મિલકત વેરો/ઘર વેરો તથા અન્ય કર/ચાર્જનું જે બીલ આપવામાં આવેલ છે તે મુજબ જ મિલકત વેરો/ઘર વેરો તથા અન્ય કર/ચાર્જ લેવાના રહેશે અને જેમાં બીલીંગ થઇ ગયેલ છે તેમાં તે બીલ મુજબ મિલકત વેરો લેવાનો રહેશે.

૨. વર્ષ ૨૦૦૭-૨૦૦૮થી ઉપરોકત વિસ્તારોમાં બી.પી.એમ.સી.એકટ, ૧૯૪૯ ની કલમ ૧૪૧(બી) મુજબ તથા તેના નિયમો ૮(ક) થી ૮(ચ) પ્રમાણે તથા અન્ય નિયમો મુજબ મિલકત વેરાની ગણતરી કરીને આખરી મિલકત વેરો તથા અમદાવાદ મહાનગરાપાલિકા દ્વારા નક્કી કરેલ વોટર સુઅરેજ ચાર્જની મળી જે રકમ આવે તે રકમ જે તે નગરપાલિકા/ગ્રામ પંચાયતના સને ૨૦૦૬-૨૦૦૭ની મિલકત વેરા/ઘર વેરા તથા અન્ય કર/ચાર્જ મળીને જે રકમ હોય તેના કરતાં વધારે થતી હોય તેવા કિસ્સામાં આ બંનેના તફાવતની રકમમાં નીચે મુજબ વર્ષ પ્રમાણે વળતર આપવામાં આવશે.

(અ) વર્ષ ૨૦૦૭-૨૦૦૮ના નાણાંકીય વર્ષ માટે ૭૫ ટકા વળતર આપવું.

(બ) વર્ષ ૨૦૦૮-૨૦૦૯ના નાણાંકીય વર્ષ માટે ૫૦ ટકા વળતર આપવું.

(ક) વર્ષ ૨૦૦૯-૨૦૧૦ના નાણાંકીય વર્ષ માટે ૨૫ ટકા વળતર આપવું.

(ડ) વર્ષ ૨૦૧૦-૨૦૧૧ના નાણાંકીય વર્ષથી ક્ષેત્રફળ આધારિત નવી પદ્ધતિ મુજબ ટેક્ષ લેવામાં આવશે.

પરંતુ આ વળતર બાદ જે રકમ રહે તે મહાનગરપાલિકા માટે કલમ-૧૪૧(બી)(૫) મુજબ જે ઓછામાં ઓછો કર રાજ્ય સરકારે નક્કી કરેલ છે તથા નક્કી કરેલ વોટર સુઅરેજ ચાર્જ કરતાં ઓછો થવો જોઇએ નહીં.

## એનેક્ષર-એ

ધી ગુજરાત પ્રોવીન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન્સ એકટ, ૧૯૪૯ની કલમ ૪૫૫ હેઠળ મળેલ સત્તાની રૂએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં મિલકતવેરાની વસુલાત અંગે ક્ષેત્રફળ આધારિત ફોર્મ્યુલા હેઠળ મિલકતવેરાની વસુલાત કરવા સંબંધિત ૨૦૦૧-૦૨ થી અમલમાં મૂકેલ ધી ગુજરાત પ્રોવિન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન્સ એકટ, ૧૯૪૯ ની કલમ ૧૪૧-બી મુજબની સામાન્ય વેરાની ક્ષેત્રફળ આધારિત ફોર્મ્યુલાના શીડયુલ-એ પ્રકરણ ૮ માં **નિયમ ૮ (જ)** નો ઉમેરો :

**૮(જ): શહેરની હદમાં એન.એ. થયેલા હોય અને જયાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટો ઉપર સામાન્ય વેરો લેવા માટે બનાવવામાં આવેલ ખાસ નિયમોઃ**

અમદાવાદ શહેરમાં ખુલ્લા પ્લોટો આવેલા છે. જેનો વર્ષોથી ઉપયોગ થતો નથી. પ્લોટની સફાઈ રાખવામાં આવતી નથી પરિણામે આવા પ્લોટોમાં ગંદકી થાય છે. આથી જે પ્લોટો એન. એ. થયેલા હોય અને જયાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટ ઉપર સામાન્ય વેરો વસુલાત કરવો જોઈએ. જેને અનુલક્ષીને તા.૧-૪-૨૦૦૮ એન.એ. થયેલા હોય અને જયાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટો પર નીચે મુજબના નિયમોથી સામાન્ય વેરો લેવાનો રહેશે.

૧. પ્લોટો / જમીનોનું કુલ ક્ષેત્રફળને ગણતરીમાં લેવાનું રહેશે.

૨. પ્લોટો / જમીનોનું વર્ગીકરણ ડેવલપમેન્ટ પ્લાન મુજબ નક્કી થયેલ લેન્ડ યુઝ પ્રમાણે રહેણાંકના હેતુ માટે અને તે સિવાયની પ્લોટ / જમીનો રહેણાંક સિવાયના હેતુ માટેની ગણવાની રહેશે અને તેના કર-દર તેના હેતુ મુજબ સામાન્ય કર માટે રહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે રહેણાંકનો વાર્ષિક દર ચો.મી. પ્રમાણે તથા બિનરહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે બિનરહેણાંકનો વાર્ષિક દર ચો.મી. પ્રમાણે જે નક્કી કરવામાં આવે તે ગણવાનો રહેશે.

૩. પ્લોટો / જમીનોના સ્થળ પરિબળ અંગે રાજય સરકારશ્રીના સ્ટેમ્પ ડ્યુટી વિભાગ દ્વારા શહેરના જુદા-જુદા વિસ્તારો માટે જમીનની કિંમતો નક્કી કરવામાં આવે છે તેનો આધાર લઈ ખુલ્લા પ્લોટ / જમીનની કિંમતના આધારે મંજૂર થયેલ સ્થળ પરિબળના અવયવના દર લાગુ પાડવાના રહેશે.

૪. પ્લોટો / જમીનો માટે દરેક ખુલ્લા પ્લોટ / જમીનની ઉંમરનો અવયવ દર એક (૧.૦૦) ગણવાનો રહેશે.

૫. પ્લોટો / જમીનોના વપરાશના પરિબળ માટે રહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે અવયવનો દર ૦.૧ તથા બિનરહેણાંકના હેતુ માટેના પ્લોટ / જમીનો માટે અવયવનો દર ૦.૨ ગણવાનો રહેશે. પરંતુ તમામ ધાર્મિક સ્થળો, ધાર્મિક ટ્રસ્ટો, રજીસ્ટર્ડ શૈક્ષણિક સંસ્થાઓના ટ્રસ્ટો અને ચેરીટી કમિશનર સમક્ષ રજીસ્ટર્ડ થયેલ પબ્લિક ટ્રસ્ટો વિગેરેના પ્લોટો / જમીનોના વેકેન્ટ લેન્ડ ટેક્ષ માટે અવયવનો દર ૦.૦૦ ગણવાનો રહેશે.

૬. પ્લોટો / જમીનોને માલિક તાબે ગણી અવયવનો દર એક (૧.૦૦) રાખવાનો રહેશે.

૭. જે-તે વર્ષમાં નાંખવામાં આવેલ કોન્ઝર્વન્સી ટેક્ષ ટકાવારી મુજબ લાગુ પડશે.

૮. જે ખુલ્લા પ્લોટ / જમીન ઉપર વેકેન્ટ લેન્ડ ટેકસ લેવામાં આવે ત્યાં બાંધકામ થયેથી મિલકતવેરો લેવાની શરૂઆત થાય એટલે આપોઆપ જ ખુલ્લા પ્લોટ ઉપરના વેકેન્ટ લેન્ડ ટેક્ષની વસુલાત બંધ થશે.

૯. જે ખુલ્લા પ્લોટ ઉપર વેરો લેવાય તેમાં સ્વચ્છતા જળવાય અને આ પ્લોટની આજુબાજુના વપરાશકર્તાઓને કોઈ તકલીફ ન પડે તે અંગે યોગ્ય વ્યવસ્થા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને કરવાની રહેશે

પરંતુ શહેરની હદમાં એન.એ. થયેલા હોય અને જયાં રસ્તા, પાણી, ડ્રેનેજ અને સ્ટ્રીટ લાઈટની સુવિધા ઉપલબ્ધ હોય તેવા પ્લોટો / જમીનોને ધી બોમ્બે પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯ ના પ્રકરણ-૮ મુજબના ટેક્સેશન રૂલ્સ નં.૫૬ મુજબ મિલકત ખાલી રહેવા અંગેનું રીફંડ મળવાપાત્ર રહેશે નહિં.

**એનેક્ષર-એ**

હયાત નિયમ શીડયુલ-એ, પ્રકરણ-૮ માં નિયમ - ૮(બી) (૪) યુઝ ફેકટર (એ) (૧) માં ઉમેરો પરંતુ-૧ પૈકી

**<u>મ્યુ.કોર્પોરેશન બીલ્ડીંગોમાં આવેલ ટ્રસ્ટ હોસ્પિટલોના મિલકતવેરામાં રીબેટ</u>**

જે સંસ્થાઓ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ તરીકે રજીસ્ટર્ડ થયેલ હોય અને જેઓ ગરીબ તેમજ સામાન્ય વર્ગના શહેરના નાગરિકોને નજીવા દરે તબીબી સેવાઓ આપતા હોય અને કોર્પોરેશનની બિલ્ડીંગનો આ સેવાઓ માટે ઉપયોગ કરતી હોય અને તે માટે કોર્પોરેશનની માંગણી મુજબ કરાર કરી આપેલ હોય, તેમના હિસાબો નિયમિત રીતે ઓડિટ કરાવતી હોય અને તમામ ટેક્ષ વર્ષ ૨૦૧૦-૧૧ સુધીનો ભરપાઈ કરેલ હોય તેવી સંસ્થાને ૨૦૧૧-૧૨ ના વર્ષથી પ્રોપર્ટી ટેક્સમાં ૪૦% રીબેટ આપવામાં આવશે.

**<u>ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચલાવવામાં આવતા ફીઝીયોથેરાપી સેન્ટરના મિલકતવેરામાં રીબેટ</u>**

જે પબ્લિક રજીસ્ટર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ એન.જી.ઓ. દ્વારા પબ્લિક ચેરીટેબલ હેતુ માટે ચલાવવામાં આવતા હોય અને જેઓ ગરીબો અને સામાન્ય નાગરિકોને “ફીઝીયોથેરાપી સારવાર / નિદાન નજીવા દરે અત્યંત આધુનિક સાધનોથી અ.મ્યુ.કોર્પોરેશન દ્વારા નકકી કરાયેલ દરે આપતી હોય અને જેણે પાછલો તમામ ટેક્ષ વર્ષ ૨૦૧૦-૧૧ સુધીનો ચૂકવેલ હોય તેવી સંસ્થાઓને ૨૦૧૧-૨૦૧૨ ના વર્ષથી પ્રોપર્ટી ટેક્ષમાં ૪૦% રીબેટ આપવામાં આવશે.

**OFFICE ORDER NO. D- 3704**

In exercise of power vested in him under Section 69(1) of the B.P.M.C. Act, 1949 the Municipal Commissioner, Municipal Corporation of the City of Ahmedabad, hereby deputes subject to his revision and General control to Asst. Manager (all zones of Tax Department) to exercise perform or discharge the powers, Duties and Functions conferred or imposed upon or vested in him by or under the Act as per Schedule appended here to a signed by him and same shall be exercisable Subject to the prescribed Policies, Procedures, Office Orders and instructions as may be issued from time to time.

Sd/-

Dr.Guruprasad Mohapatra

**Municipal Commissioner**

21 Sept.2011 **AHMEDABAD MUNICIPAL CORPORATION**

## SCHEDULE

Power to Approve Application in respect of Name – Transfer (TSF), occupier change (TOC) and spelling mistake where there is no change in tax charge.

Sd/-

Dr.Guruprasad Mohapatra

**Municipal Commissioner**

**AHMEDABAD MUNICIPAL CORPORATION**

# વેલ્યુએશન વિભાગ :-


**પ્રસ્તાવના:-**

- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં **પ્રોપર્ટી ટેક્ષ અંગે કારપેટ એરીયા બેઈઝ નવી ફોર્મ્યુલા ૨૦૦૧-૨૦૦૨ ની** અસરથી અમલમાં આવેલ છે. સદર ફોર્મ્યુલાના નિયમો ગુજરાત સરકારના ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલ છે.
- ધી જી.પી.એમ.સી. એક્ટ, ૧૯૪૯ ના પ્રકરણ ૮ કરવેરાના નિયમોમાં કલમ ૨૧ ના પેરા નં.૨ માં જણાવ્યા મુજબ **નવી આકારણીની ચોપડીઓ દરેક ચાર વર્ષની મુદતમાં એકવાર તૈયાર કરવી જરૂરી બને છે**.
- ધી જી.પી.એમ.સી. એક્ટ, ૧૯૪૯ માં મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વિસ્તારની તમામ મિલકતોની ચતુવર્ષિય આકારણી રીવાઈઝ કરવાની જોગવાઈ થયેલ છે. **તે મુજબ વર્ષ ૨૦૦૧-૦૨ દરમ્યાન** અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની જુની હદમાં આવેલ તમામ મિલકતોનો સર્વે કરી **કારપેટ એરીયા બેઈઝ નવી ફોર્મ્યુલા** મુજબ **પ્રથમ વાર વેલ્યુએશન કરવામાં આવેલ હતું.**
- **વર્ષ ૨૦૦૬ માં** અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં નવી ૧૮ નગરપાલિકાઓ તથા ૩૦ ગ્રામ પંચાયતોનો સમાવેશ કરવામાં આવેલ હતો. આ નવી હદની મિલકતોનું વેલ્યુએશન વર્ષ અલગ રહે છે.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા **નવા પશ્ચિમઝોનના સમગ્ર વિસ્તારની તેમજ નવી નગરપાલિકા અને પંચાયતો વિસ્તારની** અંદાજે ૬ (છ) લાખ જેટલી પ્રોપર્ટીની વેલ્યુએશન સર્વેની કામગીરી **સને ૨૦૧૪-૧૫ દરમ્યાન હાથ ધરવામાં આવેલ અને તે મુજબ ટેક્ષના બીલ નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં આપવામાં આવેલ હતા.** હવે પછી આ વિસ્તારનો સર્વે ચાર વર્ષ પુરા થયે **વર્ષ ૨૦૧૮-૧૯** માં ફરી કરવાનો રહે છે.
- **આમ, જુની તથા નવી હદમાં સમાવિષ્ટ મિલકતોનું વેલ્યુએશન વર્ષ અલગ-અલગ રહે છે, જેની વિગતો નીચે મુજબ છે.**

| Location | Zones | Approx Prop. | Years | Remark |
|---|---|---|---|---|
| AMC Area till 2006 | Central<br>North<br>South<br>East<br>West | 13.75 Lacs | 2001-02,<br>2005-06,<br>2009-10,<br>2013-14,<br>2017-18 | Field Survey to be carried out in the Yr. 2016-17. |
| New Area of (New Nagar Palikas and Gram Panchayats merged) AMC added after 2006 | North<br>South<br>East<br>West<br>New West | 6 Lacs | 2011-12<br>2015-16 | Valuation completed last year. |

➢ **અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની જુની હદની ( એટલે કે નવી ૧૮ નગરપાલિકાઓ તથા ૩૦ ગ્રામ પંચાયતો સિવાયના) મધ્ય, પૂર્વ, ઉત્તર, દક્ષિણ અને  પશ્ચિમ એમ કુલ પાંચ  ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ થયેલ મિલકતોનો અંગે છેલ્લે વર્ષ ૨૦૧૨-૧૩ દરમ્યાન** મોજણી / સર્વે કરી, **નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં નવી** એસેસમેન્ટ બુકો પ્રસિધ્ધ કરવામાં આવેલ, **જેને ચાર વર્ષ પુરા થતા હોવાથી** અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની **જુની હદની** (નગરપાલિકાઓ તથા ગ્રામ પંચાયતોના વિસ્તાર સિવાયની) **તમામ મિલકતોનો સર્વે કરી <u>નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે તા. ૦૧.૦૪.૨૦૧૭ થી એસેસમેન્ટ બુકો પ્રસિધ્ધ કરવવાની રહે છે. આ હેતુ માટે વર્ષ ૨૦૧૬-૧૭ માં આ પાંચ ઝોન વિસ્તારની મિલકતોના વેલ્યુએશન સર્વેની કામગીરી હાથ ધરવાની થાય છે.</u>**

## ૧. વેલ્યુએશન ખાતાનું માળખુ નીચે મુજબ છે.




**૨. વેલ્યુએશન ખાતા દ્વારા તબક્કાવાર નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવે છે.**

- વેલ્યુએશન રફ રજીસ્ટર (વેલ્યુએશન સર્વે ફોર્મ) ઉપર હાલની પ્રોપર્ટી ટેક્ષની **માહિતીના ડેટા પ્રિન્ટીંગ કરાવવા.**
- ફિલ્ડ સર્વેની કામગીરી કરવા માટે ટીમો બનાવવી. **એક ટીમમાં ૪ થી ૫ વેલ્યુએશન ઈન્સ્પેકટર રાખવા.**
- વેલ્યુએશન ઈન્સ્પેકટર દ્વારા ભરવામાં આવેલ સર્વે ફોર્મની **વેલ્યુએશન ઓફિસર મારફતે ચકાસણી કરાવવી.**
- ટેક્ષ ખાતાના અધિકારીઓ દ્વારા **સેમ્પલ ચેકીંગ** કરવું.

- ફિલ્ડ સર્વેના સુધારા-વધારાઓની ટેક્ષ ખાતાના મોડયુલમાં **ડેટા એન્ટ્રી** કરાવવી.
- ટેક્ષ ખાતાના મોડયુલમાં થયેલ ડેટા એન્ટ્રીને **હાલના ડેટા સાથે** સંકલિત કરાવવો.

**૩. વેલ્યુએશનની સર્વેની કામગીરી સીનીયર કલાર્ક કક્ષાના વેલ્યુએશન ઈન્સ્પેકટર તથા ઓફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ / હેડ કલાર્ક કક્ષાના વેલ્યુએશન ઓફિસરો મારફતે કરાવવાની થાય છે.**

- સદર કામગીરી માટે **ચેકર કલાર્ક** તેમજ **ઓફિસ કલાર્કની** જરૂરિયાત રહે છે.
- દરેક વેલ્યુએશન ઈન્સ્પેકટરને માપ લેવામાં મદદગારી માટે એક **સર્વેયર** મદદમાં આપવામાં આવે છે.
- મદદનીશ / સર્વેયર તરીકે એમ્પ્લોયમેન્ટ એક્ષચેન્જમાં નોંધાયેલ કોઈપણ વિધાશાખાના ગ્રેજયુએટને **કોન્ટ્રાકચ્યુઅલ બેઝીઝ પર એન્ટ્રી દીઠ રૂા.૭/- ના મહેનતાણાથી** રાખવામાં આવે છે. પંરતુ જો એમ્પ્લોયમેન્ટ એક્ષચેન્જ માંથી પુરતી સંખ્યામાં મદદનીશ / સર્વેયર ના મળે તેવા સંજોગોમાં અન્ય કોઈપણ વિધાશાખા ગ્રેજયુએટ બેરોજગાર વ્યકિત અથવા અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરના ત્રીજા વર્ગના નિવૃત કર્મચારીઓને આ કામગીરી માટે રાખવામાં આવે છે.
- સદર કામગીરી **જે તે ઝોનના ડેપ્યુટી એસેસર અને ટેક્ષ કલેકટરશ્રીની** સીધી દેખરેખ હેઠળ કરાવવામાં આવે છે.

૪. ઉપરોકત સમગ્ર કામગીરી ટેક્ષ મધ્યસ્થ કચેરીના **એસેસર એન્ડ ટેક્ષ કલેકટરશ્રીના** માર્ગદર્શન / દેખરેખ હેઠળ કરવાની થાય છે.

૫. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની જુની તથા નવી હદની મિલકતોની વેલ્યુએશનની કામગીરી બે ભાગમાં થતી હોવાથી **દર બે વર્ષે** જુની હદ તથા નવી હદની મિલકતોની આકારણી કરવાની આવે છે અને વેલ્યુએશન વિભાગ કાર્યશીલ થાય છે, **જયારે તે પછીના વર્ષમાં વેલ્યુએશનની કોઇ કામગીરી થતી નથી.**

# એજયુકેશન સેસ વિભાગ

ગુજરાત શિક્ષણ ઉપ-કર અધિનિયમ ૧૯૬૨ (સુધારો) **૨૦૦૬** ની વિધમાન જોગવાઇઓ હેઠળ, શહેરી વિસ્તારમાં આવેલ જમીનો અને મકાનો પર **વાર્ષિક ભાડા કિંમતના આધારે અથવા કાર્પેટ એરીયાના આધારે** મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લેવામાં આવતા સામાન્ય કર (જનરલ ટેક્ષ) પર **તા. ૦૧.૦૪.૨૦૦૧ ની પશ્ચાદવર્તી અસરથી નિયત થયેલ દરે રાજય સરકાર વતી સરચાર્જ** (શિક્ષણ ઉપ-કર) **ઉઘરાવવાની સત્તા** મ્યુનિસિપલ કોર્પોરેશનને સુપ્રત કરવામાં આવેલ છે. **ટેક્ષ ખાતા દ્વારા સામાન્ય કરના બીલમાં** (જનરલ ટેક્ષના બીલમાં) **એજયુકેશન સેસ** (શિક્ષણ ઉપ-કર) **ની રકમ અલગ કોલમમાં દર્શાવી સામાન્ય કર સાથે જ એજયુકેશન સેસની વસુલાત કરવામાં આવતી હોય, એજયુકેશન ડિપાર્ટમેન્ટમાં મર્યાદીત વહીવટી સ્ટાફ રાખવામાં આવે છે.**

**ગુજરાત એકટ નં.૧૦ ઓફ ૨૦૦૬ તા.૩૧-૩-૨૦૦૬ અન્વયે શિક્ષણ ઉપકરના દરો નીચે મુજબ છે.**

| મિલકત વેરો | શિક્ષણ ઉપકરના દર | |
|---|---|---|
| | રહેઠાણ | બીનરહેઠાણ |
| રૂા.૨૦૦ થી વધુ પરંતુ રૂા.૫૦૦ કે તેથી ઓછા મિલકતવેરા માટે | ૫ ટકા | ૧૦ ટકા |
| રૂા.૫૦૦ થી વધુ પરંતુ રૂા.૩૦૦૦ કે તેથી ઓછા મિલકતવેરા માટે | ૧૦ ટકા | ૨૦ ટકા |
| રૂા.૩૦૦૦ થી વધુ મિલકતવેરા માટે | ૧૫ ટકા | ૩૦ ટકા |

**નામ ટ્રાન્સફર ફી :-**

મ્યુનિસિપલ પ્રોપર્ટી ટેક્ષના બીલમાં પ્રથમ કર ભરવાને પાત્ર વ્યક્તિના નામમાં ફેરફાર, મિલકત વેચાણ રાખનાર કરદાતાઓ દ્વારા Transfer of owner Name (TSF) ની નામ ટ્રાન્સફર ફી નું ધોરણ કમિટીમાં ચર્ચા થયા મુજબ રહેઠાણની મિલકતો માટે અરજી દીઠ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની કિંમતના ૦.૦૨૫% લેખે  તથા બીનરહેઠાણ મિલકતો માટે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની કિંમતના ૦.૦૫% લેખે (વીલ, વારસાઇની મિલકતોમાં આ ફી નું ધોરણ લાગુ પડશે નહી) રાખવાની અને આનો અમલ સને ૨૦૧૩-૧૪ થી કરવાની સ્ટેન્ડિંગ કમિટીના ઠરાવ નં-૧૮૨/૨૦૧૩-૧૪ તા.૨૫-૦૪-૨૦૧૩ તેમજ અ.મ્યુ.કોર્પોરેશનની સામાન્ય માસિક સભાના ઠરાવ નં ૭૬/૨૦૧૩-૧૪ તા.૧૦-૦૫-૨૦૧૩ થી મંજુરી આપવામાં આવેલ છે.

**કેબલ ટી.વી. કનેકશન (મનોરંજન કર):**

રાજ્ય સરકારશ્રી દ્વારા ધી ગુજરાત એન્ટરટેઈનમેન્ટ ટેક્ષ (એમેન્ડમેન્ટ) એકટ, ૨૦૧૪ (ગુજ.૧૮ ૨૦૧૪) નોટીફીકેશન નં. GHT/2014/23/mnr/102014/968/A તા. ૨૦-૦૯-૨૦૧૪ અન્વયે તા.૧-૧૦-૨૦૧૪ થી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વિસ્તારમાં કેબલ ઓપરેટરો દ્વારા કેબલ ટી.વી. કનેકશન આપેલ હોય તેવા એક કનેકશન દીઠ માસિક રૂા.૬/- લેખે મનોરંજન કર ઉઘરાવવાની અ.મ્યુ.કોર્પોરેશનને સત્તા સોંપવામાં આવેલ છે અને સદર વસુલાત ત્રિમાસિક ધોરણે કરવામાં આવે છે.

**થિયેટર ટેક્ષ :**

ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ નં.જી.એફ.સી./ ૧૧/૨૦૦૦ળ૨૫૦૫/૨ તા.૦૯-૦૨-૨૦૦૧ના અનુસંધાને તથા સ્ટે.ક.ઠ.નં.૧૬૨૭ તા.૩૧-૦૧-૨૦૧૩ની મંજુરી અનુસાર તા.૦૧-૦૪-૨૦૧૩ થી થિયેટર શો ટેક્ષ શો દીઠ રૂા.૭૫/- તથા વિડીયો શો માટેના શો દીઠ રૂા.૨૫/- તા.૧-૪-૨૦૧૩ થી વસુલ લેવામાં આવે છે.

# વ્હીકલ ટેકસ

ડે.મ્યુનિ.કમિશ્નર(ટેક્ષ)

|

એસેસર અને ટેકસ કલેકટર

|

આસિ.મેનેજર

|

ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ

|

સીનીયર કલાર્ક

|

જુનીયર કલાર્ક

**કાર્યો અને ફરજો:**

- વ્હીકલ ટેક્ષની વસુલાત અ.મ્યુ.કો. સીટી સીવીક સેન્ટરો અને આર.ટી.ઓ. ખાતે કરવામાં આવે છે.
- વ્હીકલ ટેક્ષની નીચેના દરે વસુલાત કરવામાં આવે છે.

**તા.૧-૪-૨૦૧૩ થી વ્હીકલ ટેકસના આજીવન કર નીચે મુજબ છે.**

**આજીવન વાહનવેરાના દર વાહનના પ્રકાર પ્રમાણે વસુલ કરવાને બદલે વાહનની મૂળ કિંમત ઉપર નીચે દર્શાવેલ દર મુજબ વસુલ કરવામાં આવે છે.**

| **અ.નં.** | **વાહનનો પ્રકાર** | **આજીવન કરનો દર** |
|---|---|---|
| ૧ | સ્કુટર, મોટર સાયકલ તથા દ્વીચક્રી વાહનો | બેઝીક પ્રાઈસના ૨.૫૦% લેખે |
| ૨ | ઓટો રીક્ષા | બેઝીક પ્રાઈસના ૧.૦૦% લેખે |
| ૩ | લોડીંગ રીક્ષા | બેઝીક પ્રાઈસના ૧.૦૦% લેખે |
| ૪ | મોટર કાર તથા જીપ માટે (બેઝીક પ્રાઈસ) | |

| | | |
|---|---|---|
| (એ) | રૂા.૨,૯૯,૯૯૯ સુધી | બેઝીક પ્રાઈસના ૧.૦૦% લેખે |
| (બી) | રૂા.૩,૦૦,૦૦૦ થી રૂા.૪,૯૯,૯૯૯ સુધી | બેઝીક પ્રાઈસના ૧.૭૫% લેખે |
| (સી) | રૂા.૫,૦૦,૦૦૦ થી રૂા.૯,૯૯,૯૯૯ સુધી | બેઝીક પ્રાઈસના ૨.૦૦% લેખે |
| (ડી) | રૂા.૧૦,૦૦,૦૦૦ થી રૂા.૨૪,૯૯,૯૯૯ સુધી | બેઝીક પ્રાઈસના ૨.૨૫% લેખે |
| (ઈ) | રૂા.૨૫,૦૦,૦૦૦ થી ઉપર | બેઝીક પ્રાઈસના ૨.૫૦ % લેખે |
| ૫ | મેટાડોર-મીની બસ | બેઝીક પ્રાઈસના ૧.૨૫ % લેખે |
| ૬ | ટ્રક તથા મોટી બસ તથા અન્ય | બેઝીક પ્રાઈસના ૧.૨૫ % લેખે |

**ટોકન ફી વાહન દીઠ રૂા.૨૫/- લેવામાં આવે છે.**

(૧) વ્હીકલ ટેક્ષ ઓફિસ, ૫ મો માળ, જુની બિલ્ડીગ, સરદારપટેલ ભવન, દાણાપીઠ ખાતે મુખ્યત્વે ઉપરોક્ત સિવાય અ.મ્યુ.કો. દ્વારા વસુલવામાં આવતા વ્હીકલ ટેક્ષ બાબતે જરૂરી વ્યવસ્થા તથા નિયમ અનુસાર નીચેની કામગીરી કરવામાં આવે છે.

- નિયમાનુસાર ફી વસુલીને લાઈફટાઈમ માફી ટોકન ઈસ્યુ કરવા.
- નિયમાનુસાર ફી વસુલીને લાઈફટાઈમ ડુપ્લીકેટ ટોકન ઈસ્યુ કરવા.
- એક વાહન પર બે વખત ભરાયેલ વ્હીકલ ટેક્ષની રકમનુ રીફંડ આપવું.
- વાહન ચોરીના કેસની ફરીયાદ લેવી તેમજ આવા વાહન પર વ્હીકલ ટેક્ષ ભરાયેલ ન હોય તો વ્હીકલ ટેક્ષ વસુલવો.
- બહારગામના વાહનોનુ આર.ટી.ઓ. માં ટ્રાન્સફર થયા બાદ એસેસમેન્ટ કરી વ્હીકલ ટેક્ષ વસુલ કરવામાં આવે છે.

(૨) **અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો:**

ઉપરોકત ફરજોમાં માફી ટોકન ઈસ્યુ, રીફંડ તેમજ નીતિ વિષયક બાબતોમાં નિર્ણય લેવાની સત્તા ખાતાના વડાની હોય છે. અન્ય રોજબરોજની કામગીરી આસી.મેનેજરની દેખરેખ હેઠળ કલેરીકલ સ્ટાફે બજાવવાની હોય છે.

(૩) નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યરીતી:

નીતિ વિષયક બાબતોમાં ખાતાના વડા કેસની વિગતો ચકાસી નિર્ણય લે છે. અન્ય રોજબરોજની કામગીરીમાં આસિ.મેનેજર (વ્હીકલ ટેક્ષ) નિર્ણય લે છે.

(૪) કાર્યો બજાવવા માટે નકકી કરેલા ધોરણોઃ
વ્હીકલ ટેક્ષ જી.પી.એમ.સી. એકટની જોગવાઈઓ અનુસાર અને અ.મ્યુ.કો. ની તથા રાજય સરકારશ્રીની મંજુરીને આધિન નકકી કરેલ દરે વસુલવામાં આવે છે.

(૫) કાર્ય બજાવવા માટે ઉપયોગમાં લેવાતા નિયમો, વિનિયમો વિઃ
જી.પી.એમ.સી. એકટ પ્રમાણે અને રાજય સરકારશ્રીની મંજુરીને આધિન કાર્યો બજાવવામાં આવે છે.

(૬) નિયંત્રણ હેઠળના દસ્તાવેજાના વર્ગોનુ પત્રકઃ
ઠરાવ બુક, માફી ટોકન મંજુરીઓ, પહોંચબુક (જુના વાહનો માટે) ખાતામાં રાખવામાં આવે છે. જયારે વ્હીકલ ટેક્ષની પહોંચ કમ્પ્યુટરાઈઝડ હોઈ આ રેકર્ડ અ.મ્યુ.કો.ની વેબસાઈટ www.ahmedabadcity.gov.in ઉપર ઉપલબ્ધ છે.

(૭) નીતિ અથવા તેના અમલીકરણના ઘડતર સંબંધમાં જનતાના સભ્યો સાથે વિચાર વિનિમયની ગોઠવણની વિગતોઃ
વ્હીકલ ટેક્ષ અ.મ્યુ.કો.ની અને રાજય સરકારશ્રીની મંજુરીને આધીન નકકી કરેલ ધોરણે વસુલવામાં આવે છે. અ.મ્યુ.કો. માં ચુંટાયેલી પાંખ અને વહીવટી પાંખ વ્હીકલ ટેક્ષના દરો નકકી કરવા રાજયસરકારશ્રીની મંજુરી માંગે છે.

(૮) બોર્ડ વિ. બેઠકો લોકો માટે ખુલ્લી છે. બેઠકોની કાર્ય નોંધ લોકોને મળવાપાત્ર છે કે કેમ?

(૯) અધિકારીઓ અને કર્મચારીઓની માહીતી પુસ્તિકા તથા

(૧૦) તેઓને મળતા માસિક વળતર

**વ્હીકલ ટેકસ ખાતામાં ફરજ બજાવતા અધિકારીઓ/કર્મચારીઓની યાદીઃ**

| અ.નં | નામ | હોદ્દો | પગાર ગ્રેડ | ગ્રેડ-પે |
|---|---|---|---|---|
| ૧ | શ્રી દિપક વી.ત્રિવેદી | એસેસર અને ટેક્ષ કલેકટર | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૬૬૦૦ |
| ૨ | શ્રી લોકેન્દ્રસિંહ રાઠોર | આસિ.મેનેજર | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૬૬૦૦ |
| ૩ | શ્રી વરસીગ ભગોરા | ઓ.એસ. | ૯૩૦૦-૩૪૮૦૦ | ૪૬૦૦ |
| ૪ | શ્રી પિયુષ પરદેશી | સીનીયર કલાર્ક | ૯૩૦૦-૩૪૨૦૦ | ૪૨૦૦ |
| ૫ | શ્રીહલીમાબેન મોમીન | જુનીયર કલાર્ક | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ |
| ૬ | શ્રી રજનીકાંત શાહ | જુનીયર કલાર્ક | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ |
| ૭ | શ્રી વિજય વ્યાસ | જુનીયર કલાર્ક | ૫૨૦૦-૨૦૨૦૦ | ૨૪૦૦ |

(૧૧) અંદાજપત્ર / આવક રૂ.કરોડમાં

| ડીપા.કોડ | એકા.કોડ | વિગત | ૧૨-૧૩આવક | ૧૩-૧૪આવક | ૧૪-૧૫આવક | ૧૫-૧૬આવક |
|---|---|---|---|---|---|---|
| ૩૮૧ | ૧૦૩૦૧ | વ્હીકલ ટેકસ | ૪૧.૯૨ | ૫૫.૨૮ | ૬૨.૨૦ | ૭૦.૮૩ |

(૧૨) આર્થિક સહાય કાર્યક્રમોઃ
આ વિભાગને લાગુ પડતુ નથી.

(૧૩) આપેલ છૂટાછાટો વિ.
જી.પી.એમ.સી.એકટ ૧૯૪૯ ની કલમ ૧૪૩(૧)(ચ)ની જોગવાઈઓ અનુસાર સક્ષમ સત્તાની મંજુરી મુજબ વ્હીકલ ટેકસમાં માફી આપવામાં આવે છે.

(૧૪) ઈલેકટ્રોનીક સ્વરૂપમાં ઉપલબ્ધ વિગતો
વ્હીકલ ટેકસની પહોંચ કોમ્પ્યુટરાઈઝ છે. આથી તમામ રેકર્ડ કોમ્પ્યુટરમાં અ.મ્યુ.કો.ની વેબસાઈટ www.ahmedabadcity.gov.in પર ઉપલબ્ધ છે.

(૧૫) ગ્રંથાલય અને વાંચનાલયની સુવિધાઓની વિગતો
આ વિભાગને લાગુ પડતુ નથી.

(૧૬) જાહેર માહિતી અધિકારીઓના નામ, હોદ્દા

**વ્હીકલટેક્ષ ખાતાના જાહેર માહિતી અધિકારીઓના નામ અને હોદ્દોઃ**

| | **નામ/ હોદ્દો** | **ઓફિસ સરનામુ** | **ઈમેઈલ** | **મોબાઈલ નં.** |
|---|---|---|---|---|
| **જાહેર માહિતી અધિકારી** | **શ્રી લોકેન્દ્રસિંહ રાઠોર આસિ.મેનેજર (વ્હીકલટેક્ષ)** | વ્હીકલટેક્ષ વિભાગ પાંચમો માળ, જુની બિલ્ડીગ, સરદારપટેલ ભવન, દાણાપીઠ | **ldrathore@ahmedabadcity.gov.in** | ૯૩૭૭૪૮૨૩૯૨ |
| **અપીલ અધિકારી** | **શ્રી દિપક વી. ત્રિવેદી એસેસર અને ટેક્ષ કલેકટર (વ્હીકલટેક્ષ)** | વ્હીકલટેક્ષ વિભાગ પાંચમો માળ, જુની બિલ્ડીગ, સરદારપટેલ ભવન, દાણાપીઠ | **deepaktrivedi@ ahmedabadcity.gov.in** | ૯૩૭૭૪૮૨૩૯૯ |

**(૧૭) ઠરાવવામાં આવે તેવી બીજી માહિતી**

## વ્યવસાયવેરા વિભાગ

રાજ્ય સરકારે તા.૦૧-૧૦-૨૦૦૬ થી વ્યવસાયવેરાની કામગીરી માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને કલેકટીંગ એજન્ટ તરીકેની જવાબદારી સોંપેલ. ત્યાર બાદ તા.૧-૪-૨૦૦૮ થી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને ડેઝીનેટેડ ઓથોરીટી તરીકે વેરો લેવાની તથા વસુલ કરવાની તમામ કામગીરી સોંપવામાં આવેલ છે.વ્યવસાયવેરાને પાત્ર નવા કરદાતાઓની નોંધણી, જુના કરદાતા અને નવા કરદાતાઓની બાકી વેરાની વસુલાતની કામગીરી આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે. વ્યવસાયવેરાને લગતી તમામ કામગીરી નીચે જણાવેલ ઝોન પ્રમાણે કરવામાં આવે છે. તે માટે નીચે જણાવેલ અધિકારીનો સંપર્ક કરવો.

| નામ અને હોદ્દો | ઓફિસનું સરનામું | ઓફિસ/મોબાઈલ નંબર | ઈ-મેઈલ એડ્રેસ |
|---|---|---|---|
| શ્રી દિપક વી ત્રિવેદી<br>એસેસર એન્ડ ટેક્ષ કલેક્ટર<br>(વ્યવસાયવેરા) | વ્યવસાયવેરા મધ્યસ્થ કચેરી,<br>સરદાર પટેલ ભવન, મ્યુનિસિપલ કોર્પોરેશન, દાણાપીઠ, જુની બિલ્ડીગ, પાંચમો માળ, અમદાવાદ | મો.૯૩૭૭૪૮૨૩૯૯ | deepaktrivedi@ahmedabadcity.gov.in |
| શ્રી કનકસિંહ રોહડિયા<br>ડે.એસેસર એન્ડ ટેક્ષ કલેકટર<br>(વ્યવસાયવેરા) | વ્યવસાયવેરા મધ્યસ્થ કચેરી,<br>સરદાર પટેલ ભવન, મ્યુનિસિપલ કોર્પોરેશન,દાણાપીઠ, જુની બિલ્ડીગ, પાંચમો માળ, અમદાવાદ | મો.૯૩૨૭૦૩૮૮૨૬ | khrohadiya@ahmedabadcity.gov.in |
| શ્રી રાકેશ મીલીશીયા<br>આસી.મેનેજર- મધ્યઝોન<br>(વ્યવસાયવેરા) | વ્યવસાયવેરા મધ્યઝોન<br>સરદાર પટેલ ભવન, મ્યુનિસિપલ કોર્પોરેશન,દાણાપીઠ, જુની બિલ્ડીગ, પાંચમો માળ, અમદાવાદ | મો.૯૩૭૬૧૦૦૨૨૦ | amcz@ahmedabadcity.gov.in |
| શ્રી રમેશ બી. પારગી<br>આસી.મેનેજર - ઉત્તર ઝોન<br>(વ્યવસાયવેરા) | વ્યવસાયવેરા ઉત્તર ઝોન<br>રાજીવગાંધી ભવન, નરોડા રોડ, મેમ્કો ચાર રસ્તા પાસે, અમદાવાદ | મો.૯૩૨૭૫૫૫૨૧૬<br>૨૨૮૦૧૧૮૨ | rameshpargi@ahmedabadcity.gov.in |
| શ્રી હિરેન પટેલ<br>આસી.મેનેજર - દક્ષિણ ઝોન<br>(વ્યવસાયવેરા) | વ્યવસાયવેરા દક્ષિણ ઝોન<br>ડો.શ્યામ પ્રસાદ મુખર્જી ભવન, રામબાગ, ફાયર સ્ટેશન સામે, મણીનગર, અમદાવાદ. | મો.૯૩૨૭૦૩૮૮૩૩<br>૩૨૫૦૬૦૦૪ | hirenpatel@ahmedabadcity.gov.in |
| શ્રી પ્રણવ કંસારા<br>આસી.મેનેજર - પૂર્વ ઝોન<br>(વ્યવસાયવેરા) | વ્યવસાયવેરા પૂર્વ ઝોન<br>હરૂભાઇ મહેતા ભવન,<br>વિરાટ નગર ચાર રસ્તા, નિકોલ, અમદાવાદ | મો.૯૩૭૬૧૯૫૭૨૨<br>૨૨૯૭૦૪૨૨-૨૪૮ | pranav@ahmedabadcity.gov.in |
| શ્રી હિમાંશુ પટેલ<br>આસી.મેનેજર પશ્ચિમ ઝોન<br>(વ્યવસાયવેરા) | વ્યવસાયવેરા પશ્ચિમ ઝોન<br>ડો.રમણભાઇ પટેલ ભવન,<br>ઉસ્માનપુરા ચાર રસ્તા, આશ્રમ રોડ, અમદાવાદ | મો.૯૩૨૭૦ ૩૮૮૨૫<br>૨૭૫૫૦૫૮૪ | hrpatel@ahmedabadcity.gov.in |
| શ્રી ધર્મિન વ્યાસ<br>આસી.મેનેજર-નવા પશ્ચિમ ઝોન<br>(વ્યવસાયવેરા) | વ્યવસાયવેરા નવા પશ્ચિમ ઝોન<br>રાજમાતા વિજ્યા રાજે સિંધ્યાભવન,<br>જજીસ બંગ્લારોડ, બોડક દેવ, અમદાવાદ. | મો.૯૩૭૬૦૧૬૭૭૯<br>૩૨૯૮૧૩૯૬ | dharmin@ahmedabadcity.gov.in |

**વ્યવસાયવેરા ખાતાની કામગીરીઃ**

વ્યવસાયવેરા ખાતા દ્વારા વ્યવસયવેરાને પાત્ર થતા હોય તેવા એનરોલમેન્ટ સર્ટિફિકેટ હોલ્ડર (ઇ.શી.હોલ્ડર) અને રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ હોલ્ડર (આર.સી.) ની વેરો લાદવાની તથા વસુલ કરવાની કામગીરી જે તે ઝોન દ્વારા ઉપર જણાવેલ અધિકારીઓ દ્વારા કરવામાં આવે છે. વ્યવસાયવેરો ભરવા માટે વ્યકિતએ નીચે મુજબની કાર્યવાહી કરવાની થાય.

૧. **એનરોલમેન્ટ સર્ટિફીકેટઃ** એનરોલમેન્ટ સર્ટિફીકેટ અ.મ્યુ.કોર્પોરેશનની હદમાં વ્યવસાય કરતાં ડોક્ટરો, વકીલો, એજન્ટો, કન્સલ્ટન્ટ, ટુર ટ્રાવેલ ઓપરેટરો, કમિશન એજન્ટો,એડવટાઇઝીગ એજન્સી, શેર દલાલો, ભાગીદારી પેઢીઓ, ફેક્ટરીઓ, ગુમાસ્તાધારા હેઠળ નોંધાયેલ તમામ પેઢીઓ, પબ્લિક અને પ્રાઇવેટ લીમીટેડ કંપનીઓ, નાણાં ધીરનારાઓ, સ્ટેમ્પ વેન્ડરો વિગેરે (વિગતવાર લીસ્ટ શીડયુઅલ ૧ ની એન્ટ્ર નં.૨ થી ૧૦ જોવુ) ને **તા.૧-૪-૨૦૦૮ થી પોતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં દરેક બ્રાન્ચ માટે નોંધણી કરાવી રૂા.૨૦૦૦/- વ્યવસાયવેરો** અ.મ્યુ.કોર્પોરેશનના કોઇ પણ સીટી સીવીક સેન્ટર ઉપર તા.૩૦ સપ્ટેમ્બર સુધીમાં ભરવાને પાત્ર છે.

જે વ્યવસાયકારો વેટ હેઠળ ડીલર તરીકેની વ્યાખ્યામાં સમાવેશ થતો હોય તેમણે તા.૧-૪-૨૦૦૮ થી નીચે મુજબ વાર્ષિક વ્યવસાયેવરો ભરવાનો થાય છે.

| | |
|---|---|
| **૧. રૂા.૨,૫૦,૦૦૦/- થી વધુ ન હોય તો** | **શૂન્ય** |
| **૨. રૂા.૨,૫૦,૦૦૦/- થી વધુ હોય પણ રૂા.૫,૦૦,૦૦૦ થી વધુ ન હોય તો** | **રૂા.૫૦૦/-** |
| **૩. રૂા.૫,૦૦,૦૦૦/- થી વધુ હોય પણ રૂા.૧૦,૦૦,૦૦૦ થી વધુ ન હોય તો** | **રૂા.૧૨૫૦/-** |
| **૪. રૂા.૧૦,૦૦,૦૦૦/- થી વધુ હોય તો** | **રૂા.૨૪૦૦/-** |

એનરોલમેન્ટ સર્ટિફિકેટ મેળવવા માટે વ્યવસાયકારે ફોર્મ નં.૩ માં જરૂરી વિગતો ભરી પ્રોપર્ટી ટેક્સ બીલની નકલ, ગુમાસ્તાધારા હેઠળ નોંધણીની નકલ, પાન કાર્ડની નકલ, કંપની નોંધણીની નકલ, વેટ હેઠળ નોંધણીની નકલ જેવા આનુષાંગિક પુરાવાઓ રજુ કરવા જોઇએ.

**ફોર્મ નં.૩** કોઇ પણ સીટી સીવીક સેન્ટર અથવા ઝોનલ ઓફિસ પ્રોફેશન ટેક્ષ વિભાગમાંથી વિનામુલ્યે ઉપલબ્ધ છે. તેમજ આ ફોર્મ અ.મ્યુ.કોર્પોરેશનની વેબસાઇટ www.ahmedabadcity.gov.in પર પ્રોફેશનટેક્ષમાં લીન્ક કરી ડાઉનલોડ કરી કોપી કાઢી શકાશે. વ્યવસાયવેરો ભરવા માટે કોઇ પણ સીટી સીવીક સેન્ટર ઉપર રોકડેથી અથવા ચેક /ડીમાન્ડ ડ્રાફટ અમદાવાદ ખાતે પેયેબેલ હોય તેવો મ્યુનિસિપલ કમિશનર, અમદાવાદ નામનો લખી ભરી શકાશે. ચેકની પાછળ નોંધાણીનો નંબર, અરજદારનું નામ, સરનામુ, ટેલીફોન નંબરની વિગત દર્શાવવી. વ્યવસાયવેરો ભરવા માટે કોઇ ચલણની જરૂરીયાત નથી.

૨. **રજીસ્ટ્રેશન સર્ટિફિકેટઃ** (આર.સી.) રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ અ.મ્યુ.કોર્પોરેશનની હદમાં જે એમ્પલેયર એક અથવા તેની વધુ કર્મચારીઓને નોકરીએ રાખતા હોય અને તેઓ પગાર અથવા વેતનની ચુકવણી કરતાં હોય તેમણે રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ મેળવવુ ફરજીયાત છે.

રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ મેળવવા માટે એમ્પલોયરે ફોર્મ નં.૧ માં જરૂરી વિગતો ભરી પ્રોપર્ટી ટેક્સ બીલની નકલ, ગુમાસ્તાધારા હેઠળ નોંધણીની નકલ, પાન કાર્ડની નકલ, કંપની નોંધણીની નકલ, વેટ હેઠળ નોંધણીની નકલ જેવા આનુષાંગિક પુરાવાઓ રજુ કરવા જોઇએ.

**ફોર્મ નં.૧** કોઇ પણ સીટી સિવીક સેન્ટર અથવા ઝોનલ ઓફિસ પ્રોફેશન ટેક્ષ વિભાગમાંથી વિનામુલ્યે ઉપલબ્ધ છે. તેમજ આ ફોર્મ અ.મ્યુ.કોર્પોરેશનની વેબસાઇટ www.ahmedabadcity.gov.in પર પ્રોફેશન ટેક્ષમાં લીન્ક કરી ડાઉનલોડ કરી કોપી કાઢી શકાશે. વ્યવસાયવેરો ભરવા માટે કોઇ પણ સીટી સિવીક સેન્ટર ઉપર રોકડેથી અથવા ચેક / ડીમાન્ડ ડ્રાફટ અમદાવાદ ખાતે પેયબેલ હોય તેવો મ્યુનિસિપલ કમિશનર, અમદાવાદ નામનો લખી ભરી શકાશે. ચેકની પાછળ નોંધણીનોં નંબર, અરજદારનું નામ, સરનામુ, ટેલીફોન નંબરની વિગત દર્શાવવી. વ્યવસાયવેરો ભરવા માટે કોઇ ચલણની જરૂરીયાત નથી.

જે એમ્પલોયરે ૨૦ કે તેથી ઓછા કર્મચારીઓ નોકરી ઉપર રાખ્યા હોય તેમણે નીચે જણાવેલા દરો મુજબ વેરો કાપી દર ત્રણ માસ પુરા થયા બાદ દિન-૧૫ માં તેમજ જે એમ્પલોયરે ૨૦ થી વધુ કર્મચારીઓ નોકરી ઉપર રાખ્યા હોય તેમણે નીચે

જણાવેલા દરો મુજબ વેરો કાપી દર માસે માસ પુરો થયાના દિન-૧૫ માં કોઇ પણ સીટી સીવીક સેન્ટર ઉપર વ્યવસાયવેરો ભરવાનો થાય.

**વેરાનો દર (તા.૧-૪-૨૦૦૮ થી અમલ)**

| ક્રમ | માસિક પગાર / વેતનની રકમ રૂા. | વ્યવસાયવેરાનો દર રૂા. |
|---|---|---|
| ૧ | રૂા.૬૦૦૦/- થી ઓછો | શુન્ય |
| ૨ | રૂા.૬૦૦૦/- અથવા તેથી વધુ પરંતુ રૂા.૯૦૦૦ થી ઓછા | ૮૦/- |
| ૩ | રૂા.૯૦૦૦/- અથવા તેથી વધુ પરંતુ રૂા.૧૨૦૦૦ થી ઓછા | ૧૫૦/- |
| ૪ | રૂા.૧૨૦૦૦/- અથવા તેથી વધુ | ૨૦૦/- |

**ખાસ નોંધઃ-** રાજ્ય સરકારે તા.૧-૪-૨૦૦૮ થી અમલી બને તે રીતે શીડયુલ નં.૧ એ જેમાં રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર, પંચાયત તેમજ પબ્લિક સેક્ટર અન્ડરટેકીંગ ઓફ સ્ટેટ એન્ડ સેન્ટ્રલ ગર્વમેન્ટ અને ૧૦૦% ગ્રાન્ટ લેતી સંસ્થાઓ સિવાયના તમામ એમ્પલોયરને ફરજિયાત પણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં હોય તેમણે એમ્પ્લોયર તરીકેનો વ્યવસાયવેરો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સીટી સીવીક સેન્ટર ઉપર ભરવાનો થાય જેની જાહેર જનતાને જાણ કરતી જાહેરાત અગાઉ તમામ અગ્રગણ્ય અખબારોમાં આપવામાં આવેલ છે.

**અરજી / ફરિયાદઃ** વ્યવસાયવેરાને લગતી કોઇ પણ પ્રકારની અરજી કે ફરિયાદ અથવા રજુઆત ઝોનલ ઓફિસના પ્રોફેશન ટેક્ષ વિભાગમાં આપી શકાશે.

**વ્યવસાયવેરાની માહિતીઃ**

વ્યવસાયવેરાના દર, ફોર્મ નં.૧, ફોર્મ નં.૩, ફોર્મ નં.૫ વ્યવસાયવેરો કોને લાગુ પડે છે તેની વિગતો તેમજ વ્યવસાયવેરાને લગતા પ્રશ્નો વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે.

**વ્યવસાયવેરા વિભાગના જાહેર માહિતી અધિકારીઓના નામ અને હોદ્દોઃ**

| | નામ/હોદ્દો | ઓફિસનું સરનામું | ઓફિસ/મોબાઇલ નંબર | ઇ-મેઇલ એડ્રેસ |
|---|---|---|---|---|
| જાહેર માહિતી અધિકારી | શ્રી કનકસિંહ રોહડીયા ડે.એસેસર એન્ડ ટેક્ષ કલેકટર (પ્રોફેશન ટેક્ષ મધ્યસ્થ કચેરી) | વ્યવસાયવેરા મધ્યસ્થ કચેરી, સરદાર પટેલ ભવન, મ્યુનિસિપલ કોર્પોરેશન, દાણાપીઠ, જુની બિલ્ડીગ, પાંચમો માળ, અમદાવાદ | મો.૯૩૨૭૦૩૮૮૨૬ | khrohadiya@ahmedabadcity.gov.in |
| અપીલ અધિકારી | શ્રી દિપક વી.ત્રિવેદી એસેસર એન્ડ ટેક્ષ કલેકટર (પ્રોફેશન ટેક્ષ મધ્યસ્થ કચેરી) | વ્યવસાયવેરા મધ્યસ્થ કચેરી, સરદાર પટેલ ભવન, મ્યુનિસિપલ કોર્પોરેશન, દાણાપીઠ, જુની બિલ્ડીગ, પાંચમો માળ, અમદાવાદ | મો.૯૩૭૭૪૮૨૩૯૯ | deepaktrivedi@ahmedabadcity.gov.in |

**ઝોન લેવલે વ્યવસાયવેરા વિભાગના જાહેર માહિતી અધિકારી/અપીલ અધિકારીઃ**

| | | |
|---|---|---|
| જાહેર માહિતી અધિકારી | ઝોનની માહિતી માટે સબંધિત ઝોનના આસી.મેનેજરશ્રી, | **તમામ ઝોનના પ્રોફેશન ટેક્ષ ખાતાના ડિસક્લોઝર અ.મ્યુ.કોર્પોરેશનની વેબસાઇટ www.ahmedabadcity.gov.in પર મુકવામાં આવેલ છે. જેમાં તમામ ઝોનના જાહેર માહિતી અધિકારી અને અપીલ અધિકારીઓના નામ, સરનામા, કોન્ટેક નંબર તથા ઇ-મેઇલ આઇડીની સંપૂર્ણ વિગતો દર્શાવેલ છે. જે ધ્યાને લેવા વિનંતી છે.** |
| અપીલ અધિકારી | ઝોન લેવલે અપીલ અધિકારી તમામ ઝોનના ડે.એસેસર એન્ડ ટેક્ષ કલેકટરશ્રી, | |

એનેક્ષર-એ (પ્રમાણપત્ર) તા.૧૮/૦૬/૨૦૧૬

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, ટેક્સ મધ્યસ્થ કચેરીના ઉપરોક્ત યાદી મુજબના જાહેર સત્તા મંડળો દ્વારા માહિતી અધિકાર અધિનિયમની કલમ ૪ અંતર્ગત સ્વયં જાહેર કરવાની બાબતો (પ્રો-એકટીવ ડીસ્કલોઝર) (પીએડી) તૈયાર કરવામાં આવી છે અને તા.૦૧/૦૬/૨૦૧૬ ની સ્થિતિએ અધ્યતન કરવામાં આવેલ છે, જેનું અમારા દ્વારા ઈન્સ્પેક્શન કમ ઓડીટ કરવામાં આવ્યુ છે.

એસેસર એન્ડ ટેક્ષ કલેકટર
ટેક્ષ મધ્યસ્થ કચેરી

ડે.મ્યુનિસિપલ કમિશ્નર(ટેક્ષ)